# સરળ ગીતા




## શ્રીમદ્ ભગવદ્ ગીતા

( ભાવાત્મક પદ્યાનુવાદ )

- શ્રી યોગેશ્વર

# NOTICE


### સર્વ હક્ક લેખકને સ્વાધીન

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


*




**e-book**

Title : Saral-Gita
Language : Gujarati
Version : 3.0
Pages : 121
Created : January 14th 2023.


*

**NOTE**

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

*


# નિવેદન



ગીતા ભારતની આધ્યાત્મિક, સાંસ્કૃતિક પરંપરાનું પ્રતિનિધિત્વ કરનારો ગ્રંથ છે. જીવનના ઘડતર અને વિકાસમાં મહત્વનો ફાળો આપવાની એનામાં શક્તિ રહેલી છે. એ દૃષ્ટિએ જોતાં એને વધારે ને વધારે સમજવાની ને જીવનના ઘડતરમાં એની મદદ મેળવવાની આવશ્યકતા ઘણી મોટી છે. સરળ ગીતા એમાં મદદરૂપ થશે એવી આશા છે.

- શ્રી યોગેશ્વરજી

*



# અનુક્રમ

ગીતાનું મહાત્મ્ય
૧. અર્જુનવિષાદયોગ
૨. સાંખ્યયોગ
૩. કર્મયોગ
૪. કર્મબ્રહ્માર્પણયોગ
૫. કર્મસંન્યાસયોગ
૬. આત્મસંયમયોગ
૭. જ્ઞાનવિજ્ઞાનયોગ
૮. અક્ષરબ્રહ્મયોગ
૯. રાજવિદ્યારાજગુહ્યયોગ
૧૦. વિભૂતિયોગ
૧૧. વિશ્વરૂપદર્શનયોગ
૧૨. ભક્તિયોગ
૧૩. ક્ષેત્રક્ષેત્રજ્ઞવિભાગયોગ
૧૪. ગુણત્રયવિભાગયોગ
૧૫. પુરૂષોત્તમયોગ
૧૬. દૈવાસુરસંપદ્વિભાગયોગ
૧૭. શ્રદ્ધાત્રયવિભાગયોગ
૧૮. મોક્ષસંન્યાસ યોગ
ઉપસંહાર

# ગીતાનું માહાત્મ્ય

(છંદઃ દોહરા; રાગઃ ઓ ઈશ્વર ભજીયે તને)

**પૃથ્વી કહે છે**

પ્રારબ્ધ તણો ભોગ જે જગમાં જન કરતાં,
ભક્તિ ઉત્તમ તે કહો કેમ કરી લભતાં ?

**વિષ્ણુ ભગવાન કહે છે**

પ્રારબ્ધ ભલે ભોગવે, ગીતારત પણ જે,
સુખી મુક્ત તે થાય છે, લેપાયે ના તે.

ગીતા ધ્યાન કર્યા થકી, પાપ કદી ના અડે,
પદ્મ જેમ જલમાં છતાં, જલ એને ન અડે.

ગીતા જ્યાં ને પાઠ જ્યાં ગીતાજીનો થાય,
પ્રયાગ જેવા તીર્થ ત્યાં સર્વે ભેગા થાય.

ગીતા-આશ્રય હું રહું, ગીતા ઘર મારું,
ગીતાજ્ઞાન થકી જ હું ત્રિલોકને પાળું

કર્મ કરે કોઈ છતાં ગીતા અમલ કરે,
જીવન મુક્ત તે થાય ને, સર્વ પ્રકાર તરે.

ગીતા છે ત્યાં અન્ય છે શાસ્ત્રોનું શું કામ,
પ્રભુના મુખથી પ્રગટ છે ગીતા દિવ્ય તમામ.

ભવસાગર છે ઘોર આ, તરવા માગે જે,
ગીતારૂપી નાવનું શરણ લઈ લે તે.

પવિત્ર ગીતા ગ્રંથ આ પ્રેમે જે પઢશે,
પ્રભુને પામી શોકને ભયથી તે છૂટશે.

ગીતા પ્રેમે જે પઢે પ્રાણાયામ કરે,
પૂર્વજન્મ આ જન્મનાં તેનાં પાપ ટળે.

સ્નાન કર્યાથી જાય છે, મેલ દેહનો જેમ,
ગીતા સ્નાને જાય છે માયાનો મલ તેમ.

પ્રભુ મુખમાંથી નીકળી ગીતા જે વાંચે,
અન્ય શાસ્ત્રને તે ભલે વાંચે ના વાંચે.

ગંગાજલ પીધા થકી અમૃતસ્વાદ મળે,
ગીતાની ગંગાથકી બીજો જન્મ ટળે.

ઉપનિષદની ગાયને ગોપાલે દોહી,
અર્જુન વાછરડો, રહ્યું ગીતા દૂધ સોહી.

ગીતા એક જ શાસ્ત્ર છે, કૃષ્ણ એક છે દેવ,
મંત્ર તેમનું નામ ને કર્મ તેમની સેવ. (૧૫)

॥ ધ્યાન ॥

પ્રભુએ પોતે પ્રેમથી કહી નિજ સખાને,
વ્યાસ મહર્ષિએ કરી જેની રચનાને.

અઢાર તે અધ્યાયની, અમૃતથી જ ભરી,
ભવતારક ગીતા, તને યાદ રહ્યો છું કરી.

કમલસમી સોહી રહી આંખ જેમની તે,
વ્યાસ મહર્ષિ, હું નમું આજ ખૂબ પ્રીતે.

તેલ મહાભારત તણું ભરી જલાવ્યો છે,
જ્ઞાન દીવડો આ તમે દિવ્ય જગાવ્યો છે.

શરણે આવે તેમને પારિજાત જેવા,
જ્ઞાની કૃષ્ણ, નમન હજો ગીતા ગાનારા. (૫)

વાસુદેવ, ચાણૂર ને કંસ તણા હણનાર,
જગદ્ ગુરૂ તમને નમું કૃષ્ણ, શાંતિ ધરનાર.

મૂંગા બોલે, પંગુયે ચઢે પર્વતે તેમ,
જેની કૃપા થતાં; નમું કૃષ્ણ, કરી દો રે'મ.

બ્રહ્મા, ઈન્દ્ર, વરૂણ ને દેવ સ્મરે જેને,
દિવ્ય ગાનથી ગાય છે, વેદ મહીં જેને.

ધ્યાન ધરી હૈયે જુએ, યોગીજન જેને,
જેને દેવ ન જાણતાં, દેવ નમું તેને. (૯)

**॥ ગીતાનું મહાત્મ્ય અને ધ્યાન સમાપ્ત ॥**

* * *

# અધ્યાય ૧ : અર્જુનવિષાદયોગ

(છંદઃ દોહરા; રાગઃ ઓ ઈશ્વર ભજીયે તને)

**ધૃતરાષ્ટ્ર કહે છે**

કુરુક્ષેત્રના તીર્થમાં, મળિયા લડવા કાજ,
કૌરવ પાંડવ તેમણે, કર્યું શું કહો આજ.

**સંજય કહે છે**

જોઈ પાંડવ સૈન્યને, રાજા દુર્યોધન
દ્રોણ ગુરૂ પાસે જઈ, બોલ્યો આમ વચન.

ગુરૂદેવ, સેના જુઓ, પાંડવની ભારી,
દ્રુપદપુત્ર તમ શિષ્યથી, સજ્જ થઈ સારી.

અર્જુન ભીમસમા ઘણા યોદ્ધા છે શૂરવીર,
મહારથી યુયુધાન છે દ્રુપદ વિરાટ અધીર.

પુરુજિત કુંતીભોજ છે, શૈલ્ય શ્રેષ્ઠ ગુણવાન,
ધૃષ્ઠકેતુ ને ચેકિતાન કાશીરાજ બલવાન. (૫)

યુધામન્યુ વિક્રાંત ને અભિમન્યુ રણવીર,
ઉત્તમૌજ દ્રોપદી-તનય સૌ મહારથી વીર.

હવે આપણા સૈન્યના કહું શ્રેષ્ઠ જનને,
દ્વિજશ્રેષ્ઠ હે, સાંભળો સંક્ષેપ મહીં તે.

તમે, ભીષ્મ ને કર્ણ છે, સેનાપતિ કૃપ છે,
અશ્વત્થામા વિકર્ણ ને સૌમદત્તિ પણ છે.

બીજાએ બહુ વીર છે વિવિધ શસ્ત્રવાળા,
યુદ્ધનિપૂણ જીવન મને અર્પણ કરનારા.

વિરાટ સેના આપણી રક્ષા ભીષ્મ કરે
પાંડવ સેના સ્વલ્પ છે, રક્ષા ભીમ કરે. (૧૦)

બધી તરફથી ભીષ્મની રક્ષા સર્વ કરો,
નિજ સ્થાને ઊભા રહી રક્ષા સર્વ કરો.

કુરુમાં વૃદ્ધ પિતામહે શંખ વગાડ્યો ત્યાં,
સિંહનાદથી સૈન્યમાં હર્ષ છવાયો હા!

પણવ શંખ આનક અને ભેરી ગોમુખ ત્યાં,
સહસા વાગ્યાં ને થયો ઘોર શબ્દ રણમાં.

સફેદ ઘોડે શોભતા મોટા રથવાળા,
કૃષ્ણ અર્જુને શંખને દિવ્ય વગાડ્યા ત્યાં.

પાંચજન્ય કૃષ્ણે અને દેવદત્ત અર્જુન,
પૌંડ્ર વગાડયો શંખ ને ભીમે લાવી ધૂન. (૧૫)

કુંતીપુત્ર યુધિષ્ઠિરે અનંત વિજય વળી
શંખ વગાડ્યો, શો રહ્યો શબ્દ બધેય ફરી.

સુઘોષ મણિપુષ્પક ધ્વનિ નકુલ અને સહદેવ,
તેમ ધ્વનિ કૈંયે કર્યા શંખતણા સ્વયમેવ.

કાશીરાજ વિરાટ ને દ્રુપદ દ્રૌપદી બાલ,
ધૃષ્ટદ્યુમ્ન અભિમન્યુએ ધર્યા ધ્વનિથી તાલ.

ખળભળાવતા આભ ને ધરતીને સ્વર એ,
જાણે ઉર કૌરવતણાં ચીરી પૃથક્ કરે.

કૌરવની લડવા ઊભી સેનાને જોઇ,
ધનુષ ઉઠાવીને રહ્યો અર્જુન ત્યાં બોલી. (૨૦)

**અર્જુન કહે છે**

ઋષિકેશ અચ્યુત હે, રથ મારો રાખો
બંને સેના મધ્યમાં રથ મારો રાખો.

લડવા ઊભા સર્વને લઉં જરા જોઈ,
લડવા લાયક કોણ છે લઉં જરા જોઈ.

દુર્યોધન-હિત ચાહતા લડવા કાજ મળ્યા,
કોણ કોણ રણમાં મળ્યા જોઉં આજ જરા.

**સંજય કહે છે**

અર્જુનનાં વચનો સુણી શ્રીકૃષ્ણે જલદી,
બંને સેના મધ્યમાં રથ રાખ્યો પકડી.

ભીષ્મ દ્રોણ જેવા ઘણા રાજા જેમાં છે,
જો કૌરવ સેના ઊભી પાર્થ, બરાબર તે. (૨૫)

પિતા પિતામહ ને ગુરુ મામા ને ભાઈ,
પુત્ર પૌત્ર મિત્રો વળી સ્નેહી હિતકારી.

એવા જોઇ સ્વજનને કરૂણતા ધારી,
બોલ્યો અર્જુન શોકથી ખિન્ન થઈ વાણી.

સસરા તેમજ સ્વજનને રણમાંહી જોઈ,
દ્રવે નહીં એવો હશે કઠોર જન કોઈ.

અંગ શિથિલ મારું થતું વદન સુકાઈ જાય,
શરીર કંપે, શોકથી રોમાંચ મને થાય.

ધનુષ હાથથી સરકતું, દાહ ત્વચામાં થાય,
ચિત્ત ભમે, મારા થકી ના જ ઉભા રહેવાય. (૩૦)

લક્ષણ દેખાયે મને અમંગલ બધાંયે,
સ્વજનોને માર્યે નહીં મંગલ કૈં થાયે.

વિજય રાજ્ય સુખ ના ચહું, કૃષ્ણ ખરેખર હું
રાજ્ય ભોગ જીવન મળે અનંત તોયે શું.

જેને માટે રાજ્ય ને વૈભવ સુખ ચહીયે,
પ્રાણ તજી રણમાં ઊભા સુખને છોડી તે.

પિતૃ તેમ આચાર્ય ને પુત્ર, પિતામહ આ,
સસરા મામા પૌત્ર ને સંબધી સઘળા.

ત્રિલોક કાજે તે હણે, હણું ન તો યે હું,
પૃથ્વી માટે તો પછી હણું તેમને શું? (૩૫)

કૌરવને માર્યા થકી મંગલ શું મળશે?
આતતાયીને મારતાં અમને પાપ થશે.

બંધુજનોને મારવા છાજે ના અમને.
સ્વજનોને માર્યે મળ્યે મંગલ શું અમને?

લોભ થકી નાસી ગઈ બુદ્ધિ કૌરવની,
મિત્ર દ્રોહ કુલનાશનું દેખે પાપ નહીં.

પરંતુ કુલના નાશનો દોષ દૂર કરવા,
અમે ચહીએ કેમ ના જાણ છતાં તરવા.

કુલના નાશે થાય છે કુલધર્મનો નાશ,
ધર્મ જતાં કુલ ક્યાં રહ્યું, અધર્મ વ્યાપે ખાસ.

કુલની સ્ત્રીમાં આવતો અધર્મથી તો દોષ,
સંકર સંતાનો તણો તેથી થાયે કોષ.

સંકર સંતાનો થકી કુલ તો નરકે જાય,
શ્રાદ્ધ થાય ના પિતૃનું, પતન તેમનું થાય.

કુલિન સંકર લોકના દોષોથી નાસે,
જાતિકુલતણા ધર્મ ને દુઃખ સદા વાસે.

ધર્મભ્રષ્ટનો નરકમાં સદા થાય છે વાસ,
એમ સાંભળ્યું છે અમે ઉત્તમ જનથી ખાસ.

મળ્યા રાજ્યના લોભથી સ્વજનોને હણવા,
પાપ કર્મ તે તો ખરે, મળ્યા અમે કરવા. (૪૫)

તેથી તો છે શ્રેષ્ઠ કે કરું સામનો ના,
શસ્ત્ર વિનાનો છો હણે મુજને કૌરવ આ.

એમ કહી બેસી ગયો રથમાં પાર્થ પ્રવીણ,
ધનુષ બાણ મૂકી દઈ, થઈ શોકમાં લીન. (૪૭)

**॥ અધ્યાય પહેલો સમાપ્ત ॥**

# અધ્યાય ૨ : સાંખ્ય યોગ

**સંજય કહે છે**

આંસુ આંખમાં ને વળી હ્રદયમાં લઈ શોક,
ઊભો રહ્યો અર્જુન ત્યાં, કહી યુદ્ધને ફોક.

કૃષ્ણે એ અર્જુનને દીધી શીખ અપાર,
શિખામણ તે છે ખરે ગીતાજીનો સાર. (૧)

અરે યુદ્ધમાં આ તને થયો કેમ છે શોક,
માન કીર્તિ ના આપતાં નીંદશે તને લોક.

કાયરતાને છોડ ને ઊભો થા લડવા,
તને છાજતું આ નથી, ઊભો થા લડવા.

**અર્જુન કહે છે**

કેમ કરીને કૃષ્ણ આ યુદ્ધ મહીં લડવું,
કહો ભીષ્મ ને દ્રોણની સાથે શેં લડવું?

પૂજનીય છે એ બધા, વેર કેમ કરવું?
એથી તો ઉત્તમ ખરે ભિક્ષુ બની મરવું.

લોહીભીના હાથથી રાજ્ય ભોગવું આ,
એ ઈચ્છા મારી નથી, સત્ય કહું છું હા. (૫)

કોનો વિજય થશે, અમે જાણીયે ના તે,
જેના વિના મરણ ભલું, લડવા ઊભા તે.

મારું મન મુંઝાયેલું કરી શકે ન વિવેક,
શિક્ષા દો સાચી મને, તૂટે ન મારો ટેક.

શરણે આવ્યો આજ હું, ઉત્તમ શિક્ષા દો,
લડવાની ઈચ્છા નથી, ભલે ગમે તે હો.

સ્વર્ગતણું યે રાજ્ય જો પૃથ્વી સાથ મળે,
દિલ હણનારો શોક ના મારો તોય ટળે.

**સંજય કહે છે**

એમ કહીને કૃષ્ણને મહાવીર અર્જુન
નહીં લડું એવું કહી ઊભો ધારી મૌન.

કૃષ્ણે અર્જુનને કહ્યું કરતાં સ્મિત જરી,
સાચે મિથ્યા વાતનો શોક રહ્યો તું કરી. (૧૦)

**શ્રી ભગવાન કહે છે**

પંડિતના જેવું વદે પરંતુ શોક કરે,
પંડિત જીવનમરણનો શોક કદી ન કરે.

હું ને તું આ રાજવી હતા પહેલાં ના,
ભવિષ્યમાં પણ ના હશે, એમ માનતો ના.

બાલ જુવાન બને બધા થાય વૃદ્ધ પણ તેમ,
મરવું સૌને છે ખરે, દુઃખી થવું તો કેમ.

ટાઢ-તાપ સુખ-દુઃખને દેનારા વિષયો.
ચલાયમાન અનિત્ય છે, સહુ તે ભારત ઓ!

વિષય તેમ સુખદુઃખથી વ્યથા ન જેને થાય,
ધીર પુરુષ તે છેવટે અમૃતપદમાં ન્હાય. (૧૫)

અસત્ય અમર કદી નથી, નથી સત્યનો નાશ,
તત્ત્વવાન એવી ધરે શિક્ષા તેની ખાસ.

જે વ્યાપક સર્વત્ર છે તે અવિનાશી જાણ,
અવિનાશીનો નાશ ના, થાય કદી તે માન.

આત્માનો ના નાશ છે, થાય દેહનો નાશ,
એમ સમજ તો ના રહે, શોકતણો અવકાશ.

હણેલ કે હણનાર જે આત્માને માને,
આત્મા ના મારે મરે, તે જન ના જાણે

આત્મા ના જન્મે મરે, હણે નહીં ન હણાય,
નિત્ય સનાતન છે કહ્યો, અનાદિ તેમ સદાય.

અવિનાશી અજ નિત્ય જે આત્માને જાણે,
તે કોને મારી શકે, મરાયલાં માને.

જૂનાં વસ્ત્ર તજી ધરે નવીન વસ્ત્રો લોક,
તેમ દેહ ધારે નવો આત્મા, ના કર શોક.

શસ્ત્રોથી છેદાય ના, અગ્નિથી ન બળે,
સૂકાયે ના વાયુથી, જલથી ના પલળે.

છેદાયે કે ના બળે ભીંજાયે ન સુકાય,
સર્વવ્યાપક નિત્ય છે, આત્મા રહે સદાય.

અવિકારી અવ્યકત ને અચિંત્ય છે તે તો,
એવું જાણી ના ઘટે શોક કદી કરવો. (૨૫)

જન્મમરણ આત્માતણાં અથવા તો તું માન,
તો પણ કરવો શોક ના, ઘટે તને તે જાણ.

જન્મે તે મરતું સદા, મરેલ જન્મે તેમ,
તેવો જગનો નિયમ છે, શોક થાય તો કેમ ?

વ્યકત મધ્યમાં થાય છે, આદિ અંત અવ્યકત,
જીવ બધા શાને પછી, થાય શોકમાં રક્ત.

અચરજ પામીને જુએ કોઈ આત્માને.
અચરજથી બોલે સુણે કોઈ આત્માને.

શ્રોતા વક્તા સર્વ તે હજારમાંથી કો'ક,
જાણી શકતા આત્માને કરોડમાંથી કો'ક.

શરીરમાં આત્મા રહ્યો તે ન કદીય મરાય,
તેથી કોઈ જીવનો, શોક કરી ન શકાય. (૩૦)

તારો ધર્મ વિચાર તો, શોક દૂર આ થાય,
ધર્મયુદ્ધને કાજ છે ક્ષત્રિયોની કાય.

સ્વર્ગ દ્વાર છે યુદ્ધ આ અનાયાસ આવ્યું,
સુખી હોય ક્ષત્રિય તે યુદ્ધ લભે આવું.

કરીશ ના તું યુદ્ધ તો ધર્મ ખરે ચુકશે,
કલંક કાયરતાતણું લોકોયે મૂકશે.

અપયશ કરતા મોત છે ખરે કહ્યું સારું,
અપયશમાં જીવ્યે નહીં ભલું થાય તારું.

ભયથી તું નાસી ગયો, એમ કહેશે વીર,
કૈં કૈં લોક ચલાવશે વચનોનાં પણ તીર. (૩૫)

માન તને જે આપતા તુચ્છ જ ગણશે તે,
નિંદા કરશે શક્તિની, દુઃખ ખરેખર એ.

મરીશ તો તું પામશે, સ્વર્ગતણો આનંદ,
રાજ્ય પામશે જીતતાં, લડ તો તું સાનંદ.

લાભહાનિ સુખદુઃખ હો, જીત મળે કે હાર
સરખાં તેને માન ને લડવા થા તૈયાર.

કર્તવ્ય ગણી યુદ્ધ આ ખરે લડી લે તું,
પાપ તને ના લાગશે, સત્ય કહું છું હું.

જ્ઞાન કહ્યું આ તો, હવે દઉં યોગ ઉપદેશ,
તેને જાણી તોડશે કર્મબંધ ને ક્લેશ.

જન્માંતરમાં નાશ ના યોગબુદ્ધિનો થાય,
સ્વલ્પ ધર્મ-આચારથી ભયને પાર કરાય. (૪૦)

યોગવૃત્તિ તો હોય છે એક લક્ષવાળી,
યોગહીન બુદ્ધિ ઘણાં હોય ધ્યેયવાળી.

વેદવાદમાં રત થયા, કામી ચંચલ લોક,
જન્મમરણ ફલ આપતાં કર્મ કરે છે કો'ક.

સ્વર્ગ ચાહતા તે સદા મધુર વદે છે વાણ,
ભોગવાસનાથી ગણે ઉત્તમ કૈં ના આન.

ભોગમહીં ડૂબી ગયું ચંચલ મન જેનું,
સમાધિમાં જોડાય ના, મન કદીયે તેનું.

ત્રિગુણાત્મક છે વેદ તો, ગુણાતીત તું થા.
દ્વંદ્વરહિત ને શુદ્ધ ને જ્ઞાની યોગી થા. (૪૫)

કુવાતણો જે હેતુ તે સરવરમાંહી સરે,
તેમ વેદનો મર્મ સૌ જ્ઞાનીમહીં મળે.

કર્મ કરી લે, કર નહીં ફલની ચિંતા તું,
કર્મ છોડજે ના કદી, શિક્ષા આપું હું.

સંગ તજી મન યોગમાં જોડી કર્મ કરાય,
ફલમાં સમતા રાખ તો, સમતાયોગ ગણાય.

જ્ઞાન વિનાનું કર્મ ના ઉત્તમ છે તેથી,
જ્ઞાની બન, ફલ ચાહતા કૃપણ કહ્યા તેથી.

પાપ પુણ્યથી પર રહે જ્ઞાની યોગી તો,
યોગી થા તું, કર્મમાં કૌશલ યોગ કહ્યો. (૫૦)

જ્ઞાની કર્મોના ફલે મમતા ના રાખે,
જન્મબંધનથી છૂટતાં, અમૃતરસ ચાખે.

જ્ઞાનથકી તું મોહને તરી જશે જ્યારે,
બાહ્યજ્ઞાન ને ભોગની વિરતિ થશે ત્યારે

બહુ સુણવાથી છે થઈ ચંચલ બુદ્ધિ તે,
અચલ સમાધિ મહીં થશે, ત્યારે યોગ થશે

**અર્જુન કહે છે**

સ્થિર બુદ્ધિ છે જેમની, સમાધિ પામ્યા જે.
કેમ રહે તે ને વદે, ઓળખાય શે તે ?

**<u>સ્થિતપ્રજ્ઞનું વર્ણન</u>**

**શ્રી ભગવાન કહે છે**

છોડે સઘળી કામના મનમાં ઉઠતી જે,
આત્માનંદે મગ્ન છે, સ્થિતપ્રજ્ઞ કહ્યા તે. (૫૫)

દુઃખ પડે તો શોક ના, સુખની ના તૃષ્ણા,
રાગક્રોધ ભય છે ગયા, તે મુનિ સ્થિત મનના.

સારું માઠું પામતા ચંચલ જે ના થાય,
શોક કરે કે ના હસે, જ્ઞાની તે જ ગણાય.

જેમ કાચબો અંગને સંકોચી લે છે,
ઇન્દ્રિયોને વિષયથી જ્ઞાની સંકેલે.

વિષયો જે ના ભોગવે તેના વિષય છૂટે,
રહ્યો સહ્યો પણ સ્વાદ તો પ્રભુ પામ્યે જ તૂટે.

યત્ન કરે જ્ઞાની છતાં ઇન્દ્રિયો બલવાન,
મનને ખેંચી જાય છે, વિષયોમાં તે જાણ. (૬૦)

તેના પર સંયમ કરી મત્પર જે જન થાય,
ઇન્દ્રિયો વશમાં કરે જ્ઞાની તે જ ગણાય.

ધ્યાન ધર્યાથી વિષયનું સંગ છેવટે થાય,
કામ સંગથી, કામથી ક્રોધ પછીથી થાય.

ક્રોધ થકી સંમોહ ને વિવેકનો પણ નાશ,
અંતે બુદ્ધિનાશ ને તેથી થાય વિનાશ.

રાગદ્વેષને છોડતાં વિષયો સેવે જે,
સંયમને સાધી સદા પ્રસાદ પામે તે

તે પ્રસન્નતાથી થતો સર્વ દુઃખનો નાશ,
પ્રસન્નતાથી થાય છે મનમાં સ્થિરતા વાસ. (૬૫)

ચંચલને બુદ્ધિ નથી, નથી ભાવના તેમ,
ભાવના વિના શાંતિ ના, અશાંતને સુખ કેમ.

ઇન્દ્રિયોની સાથમાં મન પણ જો જાયે,
નાવ વાયુથી તેમ તો બુદ્ધિ હરણ થાયે.

તેથી જેણે ઇન્દ્રિયો વિષયોથી વાળી,
તેની બુદ્ધિ થાય છે સ્થિરતા-સુખવાળી.

વિષયોમાં ઊંઘે બધાં, યોગી વિષય-ઉદાસ,
પ્રભુ પ્રકાશથી દૂર સૌ, યોગી પ્રભુની પાસ

સમુદ્ર પાણીથી બને જેમ કદી ન અશાંત,
તેમ કામનાથી રહે નિર્વિકાર ને શાંત.

તે જ શાન્તિને મેળવે, તૃષ્ણા ના જેને,
અહંકાર મમતા તજે, શાન્તિ મળે તેને. (૭૦-૭૧)

બ્રાહ્મી સ્થિતિ આ મેળવી મોહિત ના કદી થાય,
મરણ સમે તેમાં રહ્યે મુક્તિમારગ જાય. (૭૨)

**॥ અધ્યાય બીજો સમાપ્ત ॥**

# અધ્યાય 3 : કર્મયોગ

**અર્જુન કહે છે**

કર્મથકી જો શ્રેષ્ઠ હો પ્રભો, ખરેખર જ્ઞાન
યુદ્ધકર્મમાં કેમ તો ખેંચો મારું ધ્યાન?

મોહ પમાડો કાં મને, એક કહો ને વાત
એક જ વાત કરો મને ધન્ય કરું કે જાત

## જ્ઞાન અને કર્મયોગ

**શ્રી ભગવાન કહે છે**

જ્ઞાની ને યોગી તણા આ સંસારે બે,
જુદા જુદા માર્ગો કહ્યા શ્રેયતણાં છે મેં.

કર્મ કરે જ મનુષ્ય ના, તો ના ઉત્તમ થાય,
છોડી દે જો કર્મને તોયે ના સુખ થાય

કર્મ કર્યા વિણ ના રહે કોઈ યે ક્ષણવાર,
સ્વભાવથી માનવ કરે કર્મ હજારોવાર. (૫)

કાબૂ કરી ઈન્દ્રિયનો મનથી સ્મરણ કરે,
વિષયોનું જો માનવી, તો તે દંભ કરે.

મનથી સંયમ સાધતા અનાસક્ત પણ જે,
કર્મ કરે ઈન્દ્રિયથી શ્રેષ્ઠ ગણાયે તે.

નિયત કર્મ કર, શ્રેષ્ઠ છે, અકર્મથી તો કર્મ,
અનાસક્ત બનતાં સદા, તેથી તું કર કર્મ.

બ્રહ્માએ આ સૃષ્ટિના આરંભે જ કહ્યું,
કામધેનુ આ યજ્ઞથી સર્જો સૃષ્ટિ કહ્યું. (૧૦)

દેવોની સેવા કરો, તે સેવો તમને,
એકમેકની સેવથી મળો શ્રેય તમને.

પ્રસન્ન દેવો યજ્ઞથી ઈષ્ટભોગ દે છે,
આપ્યા વિણ જે ખાય તે ચોર કહે તેને.

યજ્ઞશિષ્ટ ખાનારનાં પાપ બધાંયે જાય,
એકલપેટા જે બને તે તો પાપ જ ખાય.

પ્રાણી થાયે અન્નથી, અન્ન વૃષ્ટિથી થાય,
વૃષ્ટિ થાયે યજ્ઞથી, યજ્ઞ કર્મથી થાય.

કર્મ થાય પ્રકૃતિ થકી, પ્રકૃતિ પ્રભુથી થાય,
તેથી યજ્ઞે બ્રહ્મની સદા પ્રતિષ્ઠા થાય. (૧૫)

ચાલે છે આ ચક્ર તે મુજબ ન ચાલે જે,
મિથ્યા જીવે મૂર્ખને પાપી લંપટ તે.

આત્મામાં સંતોષ ને રતિસુખ છે જેને,
આત્મામાં જે મગ્ન છે, કર્મ નથી તેને.

કર્મ કરીને તેમને, મેળવવું ના કૈં,
ન કર્યે કૈં ન ગુમાવવું, મુક્ત રહ્યા તે થૈ.

આસક્તિ છોડી દઈ, યોગ્ય કરે જે કર્મ,
તે મંગલને મેળવે, કર તું તેમ જ કર્મ.

સિદ્ધ થયા છે કર્મથી જનકસમા કૈં લોક,
લોકોના હિત સારુંયે કર્મો ના છે ફોક. (૨૦)

ઉત્તમ જન જે જે કરે, તે બીજા કરતાં,
પ્રમાણ તેનું માનતા, લોકો અનુસરતા.

મારે આ સંસારમાં કૈં ના મેળવવું,
તો પણ જો ને કર્મમાં સદા રહ્યો રત હું.

જો હું કર્મ કરું નહીં, તજે બધા તો કર્મ,
લોકોનું હિત થાય ના, ના સચવાયે ધર્મ.

કરું નહીં હું કર્મ તો, નષ્ટ જગત આ થાય,
સંકરતા ને નાશનો મુજને દોષ અપાય.

અજ્ઞાની આસક્ત થૈ કર્મ કરે છે જેમ,
જ્ઞાની આસક્તિ મુકી, કર્મ કરે સૌ તેમ. (૨૫)

અજ્ઞાનીમાં તે કદી શંકા જગવે ના,
કર્મ કરી ઉત્તમપણે પ્રેરે જનને હા

પ્રકૃતિના ગુણથી થતાં કર્મ છતાં જાણે,
મૂઢ અહંકારે ગણે કર્તા પોતાને.

ગુણને કર્મ-વિભાગને જે જાણે છે તે,
ગુણ વર્તે ગુણમાં ગણી ના આસક્ત બને

પ્રકૃતિ ગુણથી મૂઢ તે ડૂબે કર્મમહીં,
એ અજ્ઞાનીને કરે જ્ઞાની ચલિત નહીં.

અર્પણ કર કર્મો મને, મમતાને તજ તું,
સ્વધર્મ સમજી યુદ્ધમાં, પાર્થ લડી લે તું. (૩૦)

શ્રદ્ધા રાખીને મૂકી, ઈર્ષા કર્મ કરે,
કર્મોના બંધન બધાં તેના તુર્ત ટળે.

મદથી મત્ત બની કરે કર્મ આમ ના જે,
નષ્ટ થયેલો જાણજે, વિમૂઢ માનવ તે. (૩૨)

પોતાની પ્રકૃતિ મુજબ જ્ઞાની કર્મ કરે,
પ્રકૃતિ મુજબ કરે બધાં, નિગ્રહ કેમ કરે.

ઈન્દ્રિયોના વિષય છે રાગદ્વેષવાળા
શિકાર તેના ના થવું, તે દુશ્મન સારા.

સ્વધર્મ છે ઉત્તમ કહ્યો, પરધર્મથકી ખાસ,
સ્વધર્મમાં મૃત્યુ ભલું, પરધર્મ કરે નાશ.

યુદ્ધ ધર્મ તારો ખરે, ત્યાગ ભિક્ષુનો ધર્મ,
મૃત્યુ મળે તોયે ભલે કર તું તારું કર્મ. (૩૫)

**અર્જુન કહે છે**

કોનાથી પ્રેરાઈને પાપ કરે છે લોક,
ઈચ્છા ના હોયે છતાં જાણે ખેંચે કો'ક.

**પાપનું કારણ**

**શ્રી ભગવાન કહે છે**

ઈચ્છા તૃષ્ણા વાસના, ક્રોધ કહ્યો છે જે,
તે જ કરાવે પાપને, દુશ્મન જનના તે.

દર્પણ મેલે, રાખથી આગ જેમ ઢંકાય,
ગર્ભ ઓરથી, કર્મ સૌ ત્યમ તેથી ઢંકાય.

અતૃપ્ત અગ્નિ કામનો જ્ઞાનીનો રિપુ છે,
ઢાંકી દે છે જ્ઞાનને, અગ્નિ સાચે તે.

મન બુદ્ધિ ઈન્દ્રિય છે તેના નિત્ય નિવાસ,
તે દ્વારા મોહિત કરે માનવને તે ખાસ. (૪૦)

મન બુદ્ધિ ઈન્દ્રિયનો તેથી કાબૂ કરી,
જ્ઞાનનાશ કરનાર તે પાપી નાખ હણી.

ઈન્દ્રિયો બળવાન છે, મન તેથી બળવાન,
મનથી બુદ્ધિ શ્રેષ્ઠ છે, આત્મા ઉત્તમ જાણ.

આત્માને ઉત્તમ ગણી, આત્મશક્તિ ધારી,
કામરૂપ આ શત્રુને શીઘ્ર નાખ મારી. (૪૩)

॥ અધ્યાય ત્રીજો સમાપ્ત ॥

# અધ્યાય ૪ : કર્મબ્રહ્માર્પણ યોગ

**શ્રી ભગવાન કહે છે**

વિવસ્વાનને યોગ આ પહેલાં કહ્યો મેં,
મનુને કથિયો તેમણે, ઈક્ષ્વાકુને મનુએ.

પરંપરાથી જાણતા રાજર્ષિ આ યોગ,
કાળ જવાથી તે ખરે, નષ્ટ થયો છે યોગ.

રહસ્યવાળો યોગ તે તુજને પાર્થ કહ્યો,
ભક્ત તેમ માની સખા, ઉત્તમ યોગ કહ્યો.

**અર્જુન કહે છે**

વિવસ્વાન પૂર્વે થયા, તમે થયા હમણાં,
યોગ તમે ક્યાંથી કહ્યો, થાય મને ભ્રમણા.

**શ્રી ભગવાન કહે છે**

મારા ને તારા ખરે જન્મ અનેક થયા,
મને યાદ તે સર્વ છે, તને ન યાદ રહ્યા. (૫)

જગસ્વામી અજ છું છતાં, જન્મ લઉં છું હું,
પ્રકૃતિના આધારથી પ્રગટ થઉં છું હું.

**અવતાર વિશે**

જ્યારે જ્યારે ધર્મનો થઈ જાય છે નાશ,
અધર્મ વ્યાપે તે સમે જન્મ લઉં છું ખાસ

રક્ષુ સજ્જનને અને કરું દુષ્ટનો નાશ,
સ્થાપું સાચા ધર્મને પુરું ભક્તની આશ

દિવ્ય જન્મ ને કર્મને મારા જાણે જે,
મરણ પછી જન્મે નહીં, મને મેળવે તે.

ભય ને ક્રોધ તજી દઈ કરીને મને પ્રેમ,
તપ ને જ્ઞાન થકી ઘણાં પામ્યા મુજને તેમ. (૧૦)

જેવા ભાવથકી મને ભક્ત ભજે મારા,
તેવા ભાવે હું ભજું તે સૌને પ્યારા

સર્વ પ્રકારે માનવી મુજ માર્ગે ચાલે,
મંગલ તેનું થાય જે મુજ માર્ગે ચાલે. (૧૧)

બીજા દેવોને ભજે પ્રેમ કરીને જે,
સાચે સિદ્ધિ પામતા પૂજી તેમને તે.

ચાર વર્ણ મેં સર્જીયા ગુણ ને કર્મે માન,
તેનો કર્તા હું છતાં, અકર્તા મને જાણ.

મને કર્મબંધન નથી, નથી કર્મમમતા,
માનવ સમજે એમ તે કર્મથકી છુટતા.

એવું જાણીને કર્યા પહેલાં કૈંયે કર્મ,
એમ જ કરજે કર્મ તો સચવાશે તુજ ધર્મ. (૧૫)

## કર્મ અને અકર્મ

અકર્મ તેમજ કર્મમાં મોહાયા વિદ્વાન,
કર્મ કહું જેથી રહે નહીં અશુભમાં ધ્યાન

કર્મ અકર્મ વિકર્મનો યોગ્ય જાણવો મર્મ
કર્મ રહસ્ય પિછાનવું, ગહન ખરે છે કર્મ.

અકર્મ દેખે કર્મમાં, કર્મ અકર્મે જે,
ઉત્તમ કર્મી તે કહ્યા, જ્ઞાની સૌમાં તે.

ફળની તૃષ્ણા ત્યાગતાં, કર્મ કરે છે જે,
દેહ જ્ઞાનથી કર્મને, પંડિત સાચે તે.

આસક્તિને છોડતાં, નિત્યતૃપ્ત જ્યમ જે,
કર્મ કરે છે માનવી, કરે કૈં નહીં તે. (૨૦)

તૃષ્ણા સંગ્રહ છોડતાં, મનનો કાબૂ કરી,
શરીર કર્મ કર્યા થકી થાયે પાપ નહીં.

લાભાલાભે તૃપ્ત જે દ્વંદ્વાતીત સદાય,
કર્મને કરે તોય તે ના બંધાય કદાય.

## જુદા જુદા યજ્ઞ

સંગરહિત ને મુક્ત છે જ્ઞાનપરાયણ જે,
કર્મ યજ્ઞભાવે કરે, કર્મ ન બાંધે તે.

અગ્નિ ને સમિધા વળી, હવિયે બ્રહ્મસ્વરૂપ,
કર્મ બ્રહ્મમય તેમને જે છે જ્ઞાનસ્વરૂપ.

દેવયજ્ઞ કોઈ કરે, યોગીજન જગમાં,
બ્રહ્માગ્નિમાં યજ્ઞને અન્ય કરે જગમાં. (૨૫)

સંયમના અગ્નિમહીં ઈન્દ્રિયો બાળે,
કોઈ ઈન્દ્રિયોમહીં વિષયોને બાળે.

જ્ઞાન ભરેલા આત્મનો સંયમમય અગ્નિ
કોઈ હોમે પ્રાણને જગવી એ અગ્નિ.

દ્રવ્યયજ્ઞ, તપયજ્ઞ ને યોગયજ્ઞ પણ થાય,
જ્ઞાનયજ્ઞ કોઈ કરે, વ્રત તીક્ષ્ણ ઘણાં થાય.

પ્રાણાયામી પ્રાણને અપાનમાં હોમે,
પ્રાણ રોકતાં, પ્રાણમાં અપાનને હોમે.

કાબૂ કરી આહારનો, હોમે પ્રાણે પ્રાણ,
યજ્ઞ જાણતાં, યજ્ઞથી પવિત્ર સૌને જાણ. (૩૦)

યજ્ઞામૃત ખાનારને ઈશ્વરપ્રાપ્તિ થાય,
યજ્ઞહીનને આ જગે પછીય સુખ ના થાય.

બ્રહ્માએ આવી રીતે અનેક યજ્ઞ કહ્યા
કર્મજન્ય તે જાણ, તો પાપ થશે ન કદા.

દ્રવ્યયજ્ઞથી જ્ઞાનનો યજ્ઞ શ્રેષ્ઠ તું જાણ,
કર્મ બધાંયે જ્ઞાનમાં પૂર્ણ થાય તે માન.

અનુભવવાળો હોય જે જ્ઞાની તેમજ હોય,
તેને નમતાં સેવતાં, પૂછ પ્રશ્ન તું કો'ય.

જ્ઞાન તને તે આપશે, તેથી મોહ જશે,
જગ આખું મુજમાં પછી જોશે આત્મ વિશે. (૩૫)

પાપીમાં પાપી હશે કોઈ આ જગમાં,
જ્ઞાનનાવમાં બેસતાં, તરી જશે ભવમાં.

ભસ્મ કરે છે કાષ્ઠને બાળી અગ્નિ જેમ,
જ્ઞાનાગ્નિ કર્મો બધાં ભસ્મ કરે છે તેમ.

જ્ઞાનસમું કૈંયે નથી પવિત્ર આ જગમાંહ્ય
સમય જતાં તે મેળવે જ્ઞાની અંતરમાંહ્ય.

શ્રદ્ધા ને સંયમ વળી લગની ખૂબ હશે,
જરૂર મળશે જ્ઞાન તો, શાંતિ વળી મળશે.

અવિશ્વાસ શંકા હશે તે તો નષ્ટ થશે,
આ જગમાં તેને નહીં, કોઈ સુખ ધરશે. (૪૦)

શંકા છોડી જેમણે તજ્યું વળી અભિમાન,
તેને બાંધે કર્મ ના થયું જેમને જ્ઞાન.

એથી આ અજ્ઞાનથી મોહ થયો તુજને,
જ્ઞાનખડગથી છેદતાં લડ તું મુક્ત મને. (૪૨)

**॥ અધ્યાય ચોથો સમાપ્ત ॥**

# અધ્યાય ૫ : કર્મસંન્યાસયોગ

**અર્જુન કહે છે**

વખાણો તમે કર્મને તેમ જ કર્મત્યાગ,
બંનેમાં જે શ્રેષ્ઠ હો, કહો તે મને માર્ગ.

**<u>ત્યાગ સાચો કે સંન્યાસ</u>**

**શ્રી ભગવાન કહે છે**

કર્મત્યાગ ને કર્મ તે બંને મંગલ જાણ,
કર્મત્યાગથી કર્મ છે ઉત્તમ એમ પ્રમાણ.

જેનામાં ના વેર છે, તેને ત્યાગી માન,
આશા તૃષ્ણા છે નહીં તે સંન્યાસી જાણ.

દ્વંદ્વથકી છૂટી શકે તે મુક્તિ પામે,
સહજ શાંતિ તેને મળે, દુઃખ વળી વામે

જ્ઞાનકર્મને પંડિતો ગણે નહીં અળગાં,
ફળ બંનેના એક છે, અજ્ઞ ગણે અળગાં.

મળે જ્ઞાનથી સ્થાન તે કર્મ થકીય મળે,
તેથી તેમાં ના કદી જ્ઞાની ભેદ કરે. (૫)

કર્મ કરે ના તો પછી થાય નહીં સંન્યાસ,
કર્મ કરે જે થાય તે સમયે ત્યાગી ખાસ.

પવિત્ર યોગી સંયમી સમદર્શી છે જે,
કર્મ કરે તોયે કદી લિપ્ત બને ના તે.

જોતાં, સુણતાં, સુંઘતાં, ખાતાં ને વદતા,
સૂતાં, ઊઠતાં, બેસતાં, શ્વાસક્રિયા કરતાં,

હું કૈંયે કરતો નથી, જ્ઞાની એમ ગણે,
ઈન્દ્રિયો વિષયોમહીં વર્તે એમ ગણે.

પ્રભુને અર્પીને તજી અહં કરે જે કર્મ,
તેને પાપ અડે નહીં, વ્યાપે નહીં અધર્મ. (૧૦)

કાયા મન બુદ્ધિ થકી, ફકત ઈન્દ્રિયોથી,
શુદ્ધિકાજ કર્મો કરે યોગી સંગ તજી.

ફળની તૃષ્ણા છોડતાં, શાંતિ લભે જ્ઞાની,
ફળમાં બધ્ધ બની જતાં કામી અજ્ઞાની.

મનથી કર્મ તજી, રહી નવદ્વારે નગરે,
કર્મ કરાવે ના કદી આત્મા કર્મ કરે.

કર્મ અને કર્તૃત્વ ને કર્મફળતણો યોગ,
પ્રભુ કરે નહીં, એ બધો પ્રકૃતિનો છે ભોગ.

પાપ પુણ્ય કોઈતણું ઈશ્વર ના ખાયે,
જીવભર્યા અજ્ઞાનથી તેથી મોહાયે. (૧૫)

જ્ઞાનથકી જેણે હણ્યું પોતાનું અજ્ઞાન,
સૂરજ જેમ તેનામહીં પ્રકાશી રહે જ્ઞાન.

મન બુદ્ધિ નિષ્ઠા રહે જેની તે પ્રભુમાં,
જ્ઞાન-પવિત્ર ફરી ન તે જન્મે છે જગમાં.

બ્રાહ્મણ હાથી ગાય ને પંડિત મૂરખમાં,
જ્ઞાની ઈશ્વરને જુએ, જડ ને ચેતનમાં.

જીવતાં જ જગ જીતીયું સમતાવાન જને,
બ્રહ્મ જેમ નિર્દોષ તે બ્રહ્મમાં જ સ્થિત છે.

પ્રિય પામી હરખાય ના, અપ્રિયથી ન રડે,
સ્થિર ને જ્ઞાની બ્રહ્મથી અભિન્ન થાયે તે. (૨૦)

અનાસક્ત વિષયોથકી જે સુખને પામે,
સુખ અક્ષય તે બ્રહ્મમાં સ્થિત યોગી પામે.

સ્પર્શજન્ય ભોગો બધાં, આદિ અને અંતે,
દુઃખ આપતા તે મહીં જ્ઞાની ના જ રમે.

દેહત્યાગ પહેલાં જ જે કામ ક્રોધના વેગ,
સહન કરે તે શ્રેષ્ઠ છે, સુખી થાય છે તે જ.

આત્માનું સુખ મેળવે, આત્મામાં આરામ,
તે મુક્તિને મેળવે, રહે ન કાંઈ કામ.

જીવોની સેવા કરે, દોષ કરે જે દૂર,
તે મુક્તિને મેળવે, પડે ન માયાપૂર. (૨૫)

કામક્રોધ જીતે કરે મનનો સંયમ જે,
ભય છોડે જે, મેળવી મુક્તિને લે તે.

ભ્રમરમધ્યે દૃષ્ટિ કરી, સ્થિર રોકતાં પ્રાણ,
વિષયોને અળગા કરી, ધરે ન જગનું ધ્યાન.

ભય ને ક્રોધ તજે, કરે મનનો સંયમ જે,
મોક્ષપરાયણ થાય જે, મુક્ત ગણાયે તે.

જીવમાત્રનો મિત્ર ને સૃષ્ટિનો સ્વામી,
જાણે મુજને તે ખરે, શાંતિ જાય પામી. (૨૯)

॥ અધ્યાય પાંચમો સમાપ્ત ॥

# અધ્યાય ૬ : આત્મસંયમયોગ

## <u>સાચો સંન્યાસી</u>

### શ્રી ભગવાન કહે છે

ફલનો આશ્રય છોડતાં, કર્મ કરે છે જે,
સંન્યાસી તે છે ખરો, યોગીજન પણ તે.

અગ્નિને અડકે નહીં, કર્મ કરે ના તોય,
માયા મમતા હોય તો ત્યાગી થાય ન કોય. (૧)

યોગ અને સંન્યાસ બે અલગ ખરે જ નથી,
છોડે ના સંકલ્પ તે યોગી થાય નહીં.

યોગ-સાધના કાજ તો સાધન કર્મ મનાય,
શમના સાધનથી પછી યોગરૂઢ થવાય.

ઈન્દ્રિયોના વિષયની મમતા છૂટી જાય,
સંકલ્પ મટે તે પછી યોગારૂઢ ગણાય.

કરવું પતન ન જાતનું, કરવો નિત ઉદ્ધાર,
પોતે શત્રુ મિત્રને પોતાનો રખવાળ. (૫)

જે મનને જીતે સદા મિત્ર બને છે તે,
પોતાનો શત્રુ બને મન ના જીતે જે.

જાત ઉપર સંયમ કરી લે છે જે યોગી,
શાંત હોય તે, હોય છે પ્રભુ-રસનો ભોગી.

ટાઢ તાપ સુખ દુઃખ ને માન તેમ અપમાન,
ચલિત કરે જેને ન તે યોગી ઉત્તમ જાણ.

પત્થર સોનું મૃત્તિકા તેને સરખાં હોય,
તૃપ્ત જ્ઞાન-વિજ્ઞાનમાં સાક્ષી જેવો સ્હોય.

મિત્ર શત્રુ મધ્યસ્થ કે બંધુ સ્નેહીમાં,
સમબુદ્ધિ છે તે કહ્યો ઉત્તમ યોગી હા.

### ધ્યાનની સમજ

એકાંતમહી બેસવું યોગીએ હરરોજ,
તૃષ્ણા ને સંગ્રહ તજી કરવી અંતર ખોજ. (૧૦)

સંયમ જાતતણો કરી એકલા જ રે'વું,
પવિત્ર સ્થાને દૃઢ કરી આસનને દેવું.

ઈન્દ્રિયો મન વશ કરી, મન એકાગ્ર કરી,
આત્મ શોધવા યોગને કરવો શાંતિ ધરી

કાયા મસ્તક ડોકને કરવા સરખાં સ્થિર,
નાસિકાગ્રને દેખવું, ધરી ચિત્તમાં ધીર. (૧૩)

સ્થિરતા રાખી ભય તજી, બ્રહ્મચર્ય પાળી,
મન મારામાં જોડવું બીજેથી વાળી.

સંયમથી અભ્યાસને આમ કરે છે જે,
પરમ શાંતિ મુજમાં રહી પ્રાપ્ત કરે છે તે. (૧૫)

ઉપવાસી રે'વું નહીં, ખાવું ના પણ ખૂબ.
ઉજાગરા કરવા નહીં, ઊંઘવું નહીં ખૂબ.

યોગ્ય કરે આહાર ને વિહાર તેમજ કર્મ,
જાગે ઊંઘે યોગ્ય તે લભે યોગનો મર્મ.

ચિત્ત થાય વશ ને પછી આત્મામાં સ્થિર થાય,
નિઃસ્પૃહ યોગી થાય તે યોગી યુક્ત ગણાય.

હવા વિનાના સ્થાનમાં દિવો ના હાલે,
તેવું મન યોગીતણું ચળે ન કો' કાળે.

યોગીજનના ચિત્તનો પૂરો સંયમ થાય,
ડૂબી જાય ધ્યાનમાં, ત્યારે રસમાં ન્હાય. (૨૦)

આત્માનો અનુભવ કરી આનંદમહીં ન્હાય,
બુદ્ધિ ને ઈન્દ્રિયથી અતીત સુખમાં ન્હાય.

તેનાથી કોઈ નથી બીજો ઉત્તમ લાભ,
તેને પામી ના ચળે પડે ભલેને આભ.

દુઃખ મટી જાયે બધું, તેને યોગ કહ્યો,
મનને મજબૂત રાખતાં કરવો તે જ રહ્યો.

સંકલ્પથકી કામના થાયે તે ટાળે,
ઇન્દ્રિયો મનથી બધી સંયમમાં ધારે.

ધીરે ધીરે બુદ્ધિને કરે પછી ઉપરામ,
વિચાર ન કરે, મન કરી સ્થિર ને આત્મારામ. (૨૫)

મન આ ચંચલ જાય છે અનેક વિષયો માંહ્ય,
વાળી પાછું જોડવું તેને આત્મા માંહ્ય.

કરતાં એમ થઇ જશે મન આત્મામાં શાંત,
સુખ ઉત્તમ ત્યારે થશે, દોષ થશે સૌ શાંત.

રોજ કરે છે યોગ આ તે તો નિર્મલ થાય,
બ્રહ્મપ્રાપ્તિ સુખ પૂર્ણ તે પામી તેમાં ન્હાય.

આત્માને સૌ જીવમાં આત્મામાં સૌ જીવ,
યોગી જુએ હંમેશ એ સમદર્શીની રીત.

જે મુજને સઘળે જુએ, મારામાં ને સર્વ,
તેનાથી ના દૂર હું, તે ના મુજથી દૂર. (૩૦)

રહેલ સર્વે જીવમાં મને ભજે છે જે,
વર્તે સર્વપણે ભલે, મુજમાં વર્તે તે.

આત્મ જુએ સૌમાં અને અનુભવ કરે સમાન,
જાણે પરની પીડ તે યોગી માન મહાન

**અર્જુન કહે છે**

સમતાનો આ યોગ જે કહ્યો તમે પ્રભુ હે,
ચંચલતાને કારણે અશક્ય લાગે તે.

મન ચંચલ બલવાન છે જક્કી તેમજ ખૂબ,
વાયુ જેમ મુશ્કેલ છે તેનો સંયમ ખૂબ.

**શ્રી ભગવાન કહે છે**

મનને ચંચલ છે કહ્યું, તે છે સત્ય ખરે,
પ્રયત્ન ને વૈરાગ્યથી યોગી કાબુ કરે. (૩૫)

અસંયમીને યોગ તો મુશ્કેલ કહ્યો છે,
સંયમશીલ પ્રયત્નથી પ્રાપ્ત કરે છે તે.

**અર્જુન કહે છે**

અસંયમી શ્રદ્ધાભર્યો ચલિત યોગથી થાય,
યોગસિદ્ધિ ના પામતાં તેની શી ગતિ થાય?

છિન્નભિન્ન વાદળસમો વિનાશ તેનો થાય?
બ્રહ્મપ્રતિષ્ઠાહીન તે વિમૂઢનું શું થાય?

પૂર્ણપણે મારી તમે શંકા દૂર કરો,
અન્ય કોણ હરશે, ન જો શંકા તમે હરો?

## યોગભ્રષ્ટની ગતિ વિષે

**શ્રી ભગવાન કહે છે**

આ લોકે પરલોકમાં નાશ ન તે પામે,
મંગલકર્તા ના કદી દુર્ગતિને પામે. (૪૦)

પુણ્ય ભરેલા લોકને તે યોગી પાવે,
પછી પવિત્ર ઘરોમહીં જન્મ લઇ આવે.

જ્ઞાની યોગીના કુલે અથવા જન્મ ધરે,
દુર્લભ જગમાં કો'કને આવો જન્મ મળે.

પૂર્વજન્મના જાગતાં ત્યાં પણ સૌ સંસ્કાર,
યત્ન કરે યોગી વળી ભવને કરવા પાર. (૪૩)

પૂર્વજન્મ સંસ્કારથી અવશ્ય યોગ કરે,
યોગેચ્છાથી તત્ત્વ તે ઉત્તમ પ્રાપ્ત કરે.

પ્રયત્ન ખૂબ કર્યા થકી મેલ હૃદયના જાય,
એમ ઘણા જન્મે પછી સિદ્ધ યોગમાં થાય. (૪૫)

જ્ઞાની તપસીથી કહ્યો યોગી ઉત્તમ મેં,
કર્મીથી છે શ્રેષ્ઠ, તો યોગી તું ય થજે.

મારામાં મન જોડતાં, કરી વળી વિશ્વાસ,
ભજે મને દિનરાત તે ઉત્તમ યોગી ખાસ. (૪૭)

**॥ અધ્યાય છઠ્ઠો સમાપ્ત ॥**

# અધ્યાય ૭ : જ્ઞાનવિજ્ઞાનયોગ

**શ્રી ભગવાન કહે છે**

મારામાં આસક્ત થૈ આશ્રય મારો લે,
જાણે મુજને કેમ તે હવે કહું છું તે. (૧)

જ્ઞાન કહું તુજને વળી પૂર્ણ કહું વિજ્ઞાન,
જેને જાણી જાણવું રહે નહીં કૈં આન. (૨)

હજારમાં કોઈ કરે સિદ્ધિકાજ પ્રયાસ
કરતાં યત્ન હજારમાં કોઈ પહોંચે પાસ.

મારી પાસ પહોંચતા કોઈ પામે જ્ઞાન,
સાંભળ, જો તુજને કહું ઉત્તમ મારું જ્ઞાન. (૩)

પૃથ્વી પાણી તેજ ને વાયુ ચિત્ત આકાશ,
અહંકાર બુદ્ધિ કહી મારી પ્રકૃતિ ખાસ.

બીજી જીવરૂપે રહી મારી પ્રકૃતિ છે,
તેનાથી જગને રચ્યું, ઉત્તમ પ્રકૃતિ તે. (૫)

આ બંને પ્રકૃતિ થકી પ્રાણી સર્વે થાય,
સર્જન તેમ વિનાશનું સ્થાન મને સૌ ગાય.

ઉત્તમ મુજથી કો' નથી, મારા વિણ કૈં ના,
જગ મુજમાં છે, જેમ આ મણકા દોરામાં.

<u>રૂપનું વર્ણન</u>

પાણીમાં રસ હું થયો, સૂર્યચંદ્રમાં તેજ,
વેદમહીં ઓમકાર છું, પૌરુષ નરમાં સહેજ

પૃથ્વીમાં છું ગંધ ને તપ છું તાપસમાં,
જીવન પ્રાણીમાત્રનું, શબ્દ થયો નભમાં.

બીજ સર્વ પ્રાણીતણું મને સદાયે જાણ,
બુદ્ધિ તેમજ વીરતા વીરલોકમાં માન. (૧૦)

બળ બનતાં સેવા કરું બળવાનોમાં હું,
અધર્મથી પર કામના જીવમાત્રમાં છું.

સત્વ અને રજ તમ તણાં ઉપજે મુજથી ભાવ,
તે મુજમાં છે, હું નથી તે ભાવોની માંહ્ય.

ત્રણ ગુણવાળી છે કહી મારી જે માયા,
તેનાથી મોહિત થયા રંક અને રાયા.

માયા મારી છે ખરે તરવી આ મુશ્કેલ,
તરી જાય છે તે જ જે મારું શરણ ગ્રહેલ.

મૂઢ મને પામે નહીં, અધર્મથી ભરિયા,
માનવરૂપે તે ફરે તોય જાણ મરિયા. (૧૫)

### ચાર જાતના ભક્ત

દુઃખી તેમજ જ્ઞાનની ઈચ્છાવાળા લોક,
સંસારી આશાભર્યા, જ્ઞાની તેમજ કો'ક.

ચાર જાતના માનવી મને ભજે છે તે,
તેમાં જ્ઞાની ભક્તને શ્રેષ્ઠ કહ્યો છે મેં.

મહાન છે બીજા છતાં જ્ઞાની મારો પ્રાણ,
જ્ઞાની સંધાઈ ગયો મારી સાથે જાણ.

ઘણાય જન્મ પછી મને જ્ઞાની પામે છે,
પ્રભુ પેખે જગમાં બધે, સંત સુદુર્લભ તે.

કામનાભર્યા કૈં જનો, નિયમ ઘણાં પાળી,
અન્ય દેવતાને ભજે, સ્વભાવને ધારી. (૨૦)

શ્રદ્ધાપૂર્વક દેવને ભક્ત ભજે છે જે,
તેની શ્રદ્ધા હું કરું દૃઢ દેવમહીં તે.

શ્રદ્ધાપૂર્વક તે પછી તેની ભક્તિ કરે,
મારી દ્વારા કામના-ફળને પ્રાપ્ત કરે.

અલ્પબુદ્ધિ એ ભક્તના ફળનો થાય વિનાશ,
દેવ ભજ્યે દેવો મળે, મને ભજ્યે મુજ પાસ.

અજ્ઞાની મુજ રૂપની મર્યાદા માને,
વિરાટ ઉત્તમ રૂપ ના મારું તે જાણે.

માયાથી ઢંકાયેલું મારું પૂર્ણ સ્વરૂપ,
મૂઢ ઓળખે ના કદિ મારું દિવ્ય સ્વરૂપ. (૨૫)

ભૂતભાવિ જાણું, વળી વર્તમાન જાણું,
જાણું હું સૌને મને કોઈ ના જાણ્યું.

વેર ઝેર તૃષ્ણાથકી ભવમાં ભટકે લોક,
જેનાં પાપ ટળી ગયા, ભજે મને તે કો'ક.

મોત થકી છૂટવા વળી ઘડપણને હરવા,
ભજે શરણ મારું લઈ દુઃખ દુર કરવા.

દૃઢ નિરધાર કરે અને દ્વંદ્વમુક્ત તે થાય,
પુણ્યવાન તે તો મને જાણી રસમાં ન્હાય.

બ્રહ્મકર્મ અધ્યાત્મ ને અધિભૂત અધિયજ્ઞ,
જે જાણે તે થાય છે મારામાં સંલગ્ન. (30)

**॥ અધ્યાય સાતમો સમાપ્ત ॥**

# અધ્યાય ૮ : અક્ષરબ્રહ્મયોગ

**અર્જુન કહે છે**

બ્રહ્મ વળી અધ્યાત્મ શું, કર્મ કહે કોને
અધિભૂત, અધિદૈવ હે પ્રભો, કહે કોને?

મૃત્યુ આવે તે સમે યોગીજન તમને,
કેમ કરી જાણી શકે કહો કૃપાળુ મને.

**શ્રી ભગવાન કહે છે**

અક્ષર છે પરબ્રહ્મ ને સ્વભાવ છે અધ્યાત્મ,
જગસર્જન ને નાશનો વ્યાપાર કહે કર્મ.

ક્ષર તે છે અધિભૂત ને પુરૂષ કહ્યો અધિદૈવ
અધિયજ્ઞ કહ્યો છે મને શરીરમાંનો દેવ.

યાદ કરી પ્રેમે મને જે છોડે છે દેહ,
તે પામી લે છે મને તેમાં ના સંદેહ. (૫)

જેને યાદ કરી તજે મૃત્યુ સમયે દેહ,
તેને પામે જીવ આ તેમાં ના સંદેહ.

તેથી રાતદિવસ મને યાદ કરી લડજે,
મન મારામાં રાખજે, મુજને મેળવજે.

યોગીજન અભ્યાસથી પ્રભુમાં મન જોડે,
પ્રભુને પામી લે વળી જ્યારે તન છોડે.

જ્ઞાની તેમ અનાદિ તે સૌના સ્વામી છે,
પ્રભુજી પૂર્ણ પ્રકાશ ને અનંતનામી છે.

અંતસમે તેને કરે યાદ પ્રેમથી જે,
મનને જોડે તે મહીં, પામે પ્રભુને તે. (૧૦)

વેદ કહે અવિનાશ ને મુનિ જેને જાણે,
જેને માટે કૈં કરે બ્રહ્મચર્ય ધ્યાને.

મન અંતરમાં રોકતાં દ્વાર બધાં રોકી,
યોગી રાખે પ્રાણને મસ્તકમાં રોકી.

પછી જપે છે પ્રણવને, ધ્યાન ધરે મારું,
એમ તજે છે દેહ તે પામે ગતિ ચારુ.

સદા કરે છે યાદ જે મુજને પ્રેમ કરી,
તે જ મેળવે છે મને, જગને જાય તરી.

મને મેળવીને ફરી જન્મે ના કોઈ,
દુઃખ શોક કે વ્યાધિમાં પડે નહીં કોઈ. (૧૫)

બ્રહ્મલોક ને લોક સૌ બીજા કૈંક કહ્યાં,
તેમાં જન્મ મરણ થતાં, તે ના અમર ગણ્યાં.

મને જ મેળવવા થકી અમર બને છે લોક,
જન્મ મરણ સાચે ટળે, ટળે તાપ ને શોક.

ચાર જાતનાં જુગ કહ્યાં, તે સૌ સાથ મળે
હજાર જુગ બ્રહ્માતણો, એક જ દિવસ કરે.

તેવી રાત બને વળી આ બ્રહ્માંડ વિશે,
દિવસે જીવો જન્મતાં, મરતાં રાત વિશે.

જીવ બધાં જન્મે વળી પ્રલય તેમનો થાય,
પ્રકટ થાય દિવસે અને રાતે છેક સમાય.

તેથી ઉત્તમ છે કહ્યા પ્રભુ સૌના સ્વામી,
પ્રલયમાં તે ના મરે, પ્રભુ અનંતનામી. (૨૦)

અવિનાશી તે ઈશ છે, પરમધામ પણ તે,
તેને પામી ના ફરે, પાછું કોઈયે.

ઉત્તમ ભક્તિ હોય તો, તે પ્રભુ દર્શન દે,
જગ તેનામાં છે રહ્યું, વ્યાપક સઘળે તે.

## બે જાતની ગતિ

જ્યારે મરતાં ના કદી, જન્મે યોગીજન,
જન્મે તે વેળા કહું, સાંભળ રાખી મન.

અગ્નિ, જ્યોતિ, દિવસ ને શુકલપક્ષ જો હોય,
ઉત્તરાયણે તન તજે, તે પ્રભુ પામે કોય.

ધુમ્ર, રાત, વદ હોય ને દક્ષિણાયન જો,
ચંદ્રલોકને મેળવી, ફરી જન્મતાં તો. (૨૫)

શુક્લ કૃષ્ણની આ ગતિ શાશ્વત છે જગમાં,
જન્મ થાય છે એકથી, ના જન્મે પરમાં.

આ જાણી યોગી કદી મોહિત નહીં થશે,
તેથી સર્વે કાળમાં યોગી તું બનજે.

વેદયજ્ઞ તપદાનનું પુણ્ય કહ્યું છે જે,
યોગી પદને મેળવે તેથી ઉત્તમ તે. (૨૮)

॥ અધ્યાય આઠમો સમાપ્ત ॥

# અધ્યાય ૯ : રાજવિદ્યારાજગુહ્યયોગ

**શ્રી ભગવાન કહે છે**

ખૂબ જ છુપું જ્ઞાનને વળી કહ્યું વિજ્ઞાન,
મુક્ત કરે જે અશુભથી, કહું હવે તે જ્ઞાન.

પવિત્ર ને સુખકર કહી ઉત્તમ વિદ્યા તે,
અનુભવ કરવા યોગ્ય ને ઉત્તમ વિદ્યા છે.

માને ના આ ધર્મને, શ્રદ્ધા ના રાખે,
મરે જન્મ લે તે, નહીં મુક્તિરસ ચાખે.

અખંડ મારું રૂપ આ જગમાં વ્યાપક છે,
મારામાં જીવો બધા રહેલા ખરે છે.

મારા અંશે એ રહ્યા, પૂર્ણરૂપમાં ના
જીવ રહ્યા મુજમાં છતાં, હું લેપાઉં ના. (૫)

વાયુ વહેનારો બધે, રહે વ્યોમમાં જેમ,
ચરાચર રહે મુજ મહીં સમજી લેજે એમ.

કલ્પાંતે મારામહીં લય સૌનોયે થાય,
કલ્પારંભે મુજથકી સર્જન સૌનું થાય.

પ્રકૃતિનો આશ્રય લઈ સર્જું વારંવાર,
જીવ બધા આ જગતમાં સર્જું વારંવાર.

એ સર્વે કર્મો મને બંધન ના કરતાં,
ઉદાસીન નિર્લેપ હું રહું કર્મ કરતાં.

મારા હાથતળે રહી પ્રકૃતિ જગત કરે,
તેથી જગમાં થાય છે પરિવર્તન સઘળે. (૧૦)

મનુષ્યરૂપે હું રહ્યો એમ મૂઢ જાણે,
વિરાટ મારા રૂપને ના કદિ પરમાણે.

મૂઢ જનોના કર્મ ને વિચાર મેલાં હોય,
સ્વભાવ હલકો તેમનો, સંસારે રત હોય.

જ્ઞાનકર્મ આશાતણું ફળ તે ના પામે,
મોહમયી પ્રકૃતિથકી સંકટ ના વામે.

પવિત્ર દિવ્ય સ્વભાવનાં મહાત્મા જનો કો'ક
ભાવથકી ભજતા મને પામી મૃત્યુલોક.

મારું કીર્તન તે કરે, યત્ન કરે મુજકાજ.
નમે મને પાળે વળી નિયમો મારેકાજ.

દ્વૈત તેમ અદ્વૈત ને વિશ્વભાવનાથી,
માનીને ભજતા મને કૈંયે જ્ઞાનથકી. (૧૫)

ઋતુ ને યજ્ઞ સ્વધા વળી ઔષધ ને ઘૃત છું,
મંત્ર હવન અગ્નિ બની વાસ ધરું છું હું.

આ જગનો હું છું પિતા, માતાધાતા છું,
વેદ તેમ ૐકારને ગતિ ને ભર્તા છું.

શરણ, સર્વનો મિત્ર ને સૌનું કારણ છું,
ગતિ, ભર્તા, સાક્ષી વળી અવિનાશી પ્રભુ છું.

હું વરસાદ કરું વળી તાપ તપાવું છું,
સુધારૂપ ને સત્ય છું, મૃત્યુનો પતિ છું.

યજ્ઞ કરે જે પ્રેમથી તે જન સ્વર્ગે જાય,
પુણ્યથકી દૈવી ઘણાં ભોગે સ્વર્ગે ન્હાય. (૨૦)

પુણ્ય થાય પુરું પછી જન્મે પૃથ્વીમાંહ્ય,
આવાગમનથકી ન તે છૂટે છે જગમાંહ્ય.

દર્શન મારું ના કરે ત્યાં લગ મુક્ત ન થાય,
કોઈ સુખ ને દુઃખથી કદી ન છૂટી જાય.

મારું શરણ લઈ કરે મારી ચિંતા જે.
તેના કોડ બધા પૂરું, રક્ષુ છું તેને.

અન્ય દેવને જે ભજે, મને જ ભજતા તે,
સર્વ જાતના યજ્ઞનો સ્વામી જાણ મને.

મને જાણવાથી જ ના અવગતિને પામે,
મને ન જાણે તે સદા દુર્ગતિને પામે.

દેવ ભજ્યે દેવો મળે, પિતૃ ભજ્યે પિતૃ,
ભૂતોથી ભૂતો મળે, મને ભજ્યે હું મળું. (૨૫)

ફળ કે ફૂલ મને ધરે, પર્ણ તેમ પાણી,
ધર્યું ભાવથી સર્વ હું આરોગું દાની.

તેથી તું જે જે કરે, તપે, દાન દે, ખાય,
કરજે અર્પણ તે મને, અહંભાવ ના થાય.

સારાં નરસાં કર્મથી એમ જ તું છૂટશે,
ત્યાગ યોગથી ને મને પ્રાપ્ત કરી ચૂકશે.

મારે શત્રુમિત્ર ના, સૌયે સરખાં છે,
ભજે ભાવથી તે છતાં નજીક અદકાં છે.

ખૂબ અધર્મીયે મને ભજે કરીને પ્રેમ,
તો તે સંત થઈ જશે, પામી મારી રે'મ. (૩૦)

શાંતિ પૂર્ણ તે પામશે, ધર્માત્મા બનશે,
મારો ભક્ત કદી નહીં અર્જુન, નષ્ટ થશે.

પાપી, સ્ત્રી ને શુદ્રયે ગુણ મારા ગાશે,
લેશે મારું શરણ તો ઉત્તમ ગતિ થાશે.

પછી ભક્ત બ્રાહ્મણ અને જ્ઞાનીનું તો શું
જન્મીને આ જગતમાં મને ભજી લે તું.

મનથી ભજ મુજને અને તનથી કર સેવા,
કર્મ મને અર્પણ કરી, માણી લે મેવા.

જગમાં જોઈને મને વંદન કર હરરોજ,
મને પામશે એમ તું કરતાં મારી ખોજ.

મન વાણીથી ભક્ત થા મારો કેવળ તું,
શાંતિ તેમ સુખ પામશે, સત્ય કહું છું હું. (૩૪)

॥ અધ્યાય નવમો સમાપ્ત ॥

# અધ્યાય ૧૦ : વિભૂતિયોગ

**શ્રી ભગવાન કહે છે**

ફરીવાર અર્જુન તું સુણ વચનો મારાં,
તારા હિત માટે કહું વચનો તે પ્યારાં.

જન્મ ન મારો જાણતાં મહર્ષિ અને દેવ,
આદિ દેવ ને ઋષિતણો જાણી મુજને સેવ.

લોકોનો ઈશ્વર મને જે કોઈ જાણે,
દુઃખદર્દથી તે છૂટી મુક્તિરસ માણે.

ક્ષમા સત્ય બુદ્ધિ વળી શમદમ તેમજ જ્ઞાન,
સુખ દુઃખ ભય ને અભય, સત્યાસત્ય પ્રમાણ.

તપ ને સમતા ને દયા, યશ અપયશ ને દાન,
ભાવ થતા પ્રાણીતણાં, તે સૌ મુજથી જાણ. (૫)

સાત મહર્ષિ ને વળી ચાર જાતને તે,
મનુ મારાથી છે થયા, જગતના પિતા જે.

વિભૂતિ તેમજ યોગ આ મારો જાણે જે,
જોડાયે દૃઢ યોગથી મારી સાથે તે.

સૌનો હું સ્વામી વળી મારામાં આ સર્વ,
જ્ઞાની સમજે એમ ને ભજે તજીને ગર્વ.

મન ને પ્રાણથકી મને ભજે કથાય કરે,
મારી ચર્ચાથી સદા તૃપ્તિ હર્ષ ધરે.

અનન્ય પ્રેમી ભક્તને બુદ્ધિ આપું છું,
તેથી મુજને મેળવે, બંધન કાપું છું. (૧૦)

દયા કરીને જ્ઞાનનો દીપ બનું છું હું,
રહી હૃદયમાં તેમનું અજ્ઞાન હરું છું.

**અર્જુન કહે છે**

પવિત્ર ઈશ્વર છો તમે, દેવ જગતના તેમ,
શાશ્વત તેમજ દિવ્ય છો, અજ અવિનાશી તેમ.

નારદ તેમજ વ્યાસ ને સંત કહે છે એમ,
અસિત વ્યાસ દેવલ વળી તમે કહો છો તેમ.

સાચું માનું છું તમે કહો તે બધું હું,
દેવ તેમ દાનવ પ્રભો, તમને જાણે શું

તમે જ જાણો છો ખરે પૂર્ણ તમારું રૂપ,
દેવદેવ ભૂતેશ હે, જગતનાથ જગભૂપ. (૧૫)

કેવી રીતે છો તમે વ્યાપક આ જગમાં?
વિભૂતિથી વ્યાપક થયા કેમ તમે જગમાં?

ધ્યાન તમારું ધારતાં યોગી શેં જાણું,
ક્યા ભાવથી ચિંતવું, ભક્તિ હું માણું.

યોગશક્તિ વિસ્તારથી ફરી કહો મુજને,
અમૃત પીતાં થાય ના તૃપ્તિ ખરે મુજને.

## વિભૂતિનું વર્ણન

**શ્રી ભગવાન કહે છે**

ખ્યાલ જ આપું છું તને મારા રૂપતણો,
બરાબર કહું થાય તો, તો વિસ્તાર ઘણો.

પ્રાણીઓમાં હું રહ્યો આત્મરૂપ થઈ,
આદિ મધ્ય ને અંત હું સૌનો રહ્યો બની. (૨૦)

વિષ્ણુ છું, ઊગું વળી જગમાં સૂર્ય બની,
મરિચી તેમ જ ચંદ્ર છું હું નક્ષત્ર મહીં.

સર્વ વેદમાં દિવ્ય તે સામવેદ હું છું,
દેવોમાં છું ઈન્દ્ર ને મન ને ચેતન છું.

શંકર રુદ્રોમાં વળી કુબેર પણ હું છું,
અગ્નિ છું, મેરુ થયો પર્વતમાહીં હું.

દેવોના ગુરૂ જે કહ્યા, તે જ બૃહસ્પતિ છું,
સેનાપતિમાં સ્કંદ ને સાગર જલમાં છું.

મહર્ષિમહીં ભૃગુ થયો, હિમાલય બન્યો છું,
યજ્ઞોમાં જપયજ્ઞ ને ૐકાર થયો છું. (૨૫)

વૃક્ષોમાં છું પીપળો, નારદ તેમજ હું,
ગંધર્વોમાં ચિત્રરથ, કપિલ સિદ્ધમાં છું.

અમૃતથી પ્રકટેલ છું, અશ્વ અલૌકિક હું,
ઐરાવત હાથીમહીં, મનુષ્યમાં નૃપ છું.

કામધેનુ છું ગાયમાં, વજ્ર શસ્ત્રમાં છું,
ધર્મપરાયણ કામ છું, વાસુકિ સર્પે હું.

અનંત નામે નાગ છું, વરૂણ તેમજ હું,
પિતૃમાં છું અર્યમા, યમીમહીં યમ છું.

કાલરૂપ છું, દૈત્યમાં પ્રહલ્લાદ ખરે છું,
પશુમાં સિંહ થયો વળી, ગરૂડ ખગમાં છું. (૩૦)

પવન તેમ પાણીમહીં ગંગા પાવન છું,
મગરમચ્છ છું, રામ છું, શસ્ત્રવાનમાં છું.

આદિ મધ્ય ને અંત છું આ સૃષ્ટિનો હું,
વિદ્યામાં અધ્યાત્મ ને વાદ વિવાદે છું.

અકાર અક્ષરમાં અને દ્વંદ્વ સમાસે છું,
ધાતા આશ્રય કાલ છું, અક્ષર જગનો હું.

જન્મ તેમ મૃત્યુ વળી થઈને રહ્યો છું,
સ્ત્રીની સુંદરતા અને વાણી યશ પણ હું.

ધીરજ તેમ ક્ષમા થયો, ગાયત્રી પણ હું,
માસ માગશર ને વળી વસંત ઋતુમાં છું. (૩૫)

તેજ તેમ જય બલ અને બુદ્ધિરૂપે છું,
છળ કરનારામાં સદા દ્યુત થયેલો છું.

પાંડવમાં અર્જુન ને વાસુદેવ છું હું,
કવિમાં શુક્રાચાર્ય ને મુનિમાં વ્યાસ જ છું.

નીતિ તેમ શાસકમહીં દંડ થયો છું હું,
ગુહ્ય વાતમાં મૌન ને જ્ઞાનસ્વરૂપે છું.

જગતતણું છું બીજ હું, સુણજે અર્જુન તું,
મારા વિણ તો આ રહે અસ્તિત્વ ખરે શું?

મારા દૈવી રૂપનો અંત ના જ આવે,
આ તો થોડું છે કહ્યું, કોણ બધું ગાવે? (૪૦)

જે જે સુંદર, સત્ય ને પવિત્ર પ્રેમલ છે,
મારા અંશ થકી થયું, જાણી લેજે તે.

બધું જાણીને તું વળી કરીશ અર્જુન શું?
મારા એક જ અંશમાં વિશ્વ બધુંય રહ્યું. (૪૨)

॥ અધ્યાય દસમો સમાપ્ત ॥

# અધ્યાય ૧૧ : વિશ્વરૂપદર્શનયોગ

**અર્જુન કહે છે**

કૃપા કરીને જે કહ્યા હિતના શબ્દ તમે,
તેથી મોહ જતો રહ્યો મારો પ્રભુજી હે.

ઉત્પત્તિ લય જગતનાં સુણ્યા પ્રેમથી મેં,
મહિમા જાણ્યો છે વળી તમારા થકી મેં.

જગના કારણ છો તમે, જગના નાશક છો,
રૂપ તમારું વિશ્વમાં કેવું વ્યાપક હો.

જોવાને તે રૂપને મુજને ઇચ્છા થાય,
યોગેશ્વર, તે રૂપને બતાવો હૃદય ચ્હાય.

જોઇ રૂપ શકીશ હું એવી ખાત્રી થાય,
યોગેશ્વર, તો રૂપને બતાવો હૃદય ચ્હાય.

**શ્રી ભગવાન કહે છે**

જો તું મારા રૂપને અનેક રૂપભર્યું,
અનેકરંગી રૂપ તે દિવ્ય વિરાટ ધર્યું. (૫)

રુદ્ર મરુત આદિત્ય ને અશ્વિનીકુમારો,
અચરજકારક જો વળી કૈં મહિમા મારો.

જો આ મારા અંગમાં સારાયે જગને,
જે જે જોવું હોય તે, બતાવીશ તુજને.

તારી આંખે ના તને દેખાશે મુજ રૂપ,
દૈવી આપું આંખ હું, જો તું દિવ્ય સ્વરૂપ.

**સંજય કહે છે**

એમ કહી યોગીતણા યોગી શ્રી પ્રભુએ,
દિવ્ય બતાવ્યું રૂપ તે પ્રેમી અર્જુનને.

આંખ હજારો ને વળી મુખ પણ હતાં હજાર,
ઘરેણાં અને શસ્ત્રોનો હતો નહીં ત્યાં પાર. (૧૦)

માળા તેમજ ગંધથી શોભિત હતું શરીર,
વિરાટ દિવ્ય અનંત ને અચરજપૂર્ણ શરીર.

હજાર સૂર્ય ઊગે કદી ને પ્રકાશ પથરાય,
તેમજ પ્રભુના રૂપનું તેજ બધે પથરાય.

પ્રભુશરીરમાં અર્જુને જગ આખું જોયું,
અનેક રૂપોમાં રહ્યું જગ આખું જોયું.

અચરજ પામેલો વળી રોમાંચિત અર્જુન,
શીશ નમાવીને વદ્યો રોમાંચિત અર્જુન.

### અર્જુન કહે છે

દેવ તમારા દેહમાં સમાયા બધાં લોક,
કમળપરે બ્રહ્મા અને ઋષિ પણ ત્યાં છે કો'ક. (૧૫)

હાથ તેમ આંખો વળી પેટ ગણી ન શકાય,
આદિ મધ્ય કે અંત આ રૂપતણો ન જણાય.

મુકુટ ગદા ને ચક્રથી શોભે દિવ્ય સ્વરૂપ,
તેજતણો અંબાર આ જોઈ ન શકું રૂપ.

વિરાટ તેમ પ્રદીપ્ત છે દિવ્ય તમારું રૂપ,
ચારે બાજુ દેખતો દિવ્ય તમારું રૂપ.

અમર તમે, ઉત્તમ તમે ફક્ત જાણવા જોગ,
ધર્મતણા રક્ષક તમે, એક અનન્ય અમોઘ.

જગના આશ્રય, આદિ ને અંત વિનાનાં છો,
સનાતન, બલી, વિશ્વને તપાવી રહ્યા છો.

સૂર્યચંદ્રની આંખ છે, હાથ હજાર વળી,
અગ્નિ જેવા વદનના, રહ્યા પ્રકાશ કરી.

પૃથ્વી ને આકાશમાં વ્યાપક એક તમે,
સર્વ દિશામાં છો રહ્યા દિવ્ય સ્વરૂપ તમે.

ઉગ્ર રૂપ જોઈ થયા ભયભીત બધા લોક,
પ્રવેશી રહ્યા રૂપમાં દેવજનો પણ કો'ક. (૨૦)

દેવ તમોને વંદતા વંદે ઋષિ પણ તેમ,
સ્તવન કરે છે સિદ્ધ સૌ, ગાન ગાય ના કેમ

રુદ્ર તેમ વસુ સાધ્ય ને વિશ્વદેવ ગંધર્વ,
પિતૃ યક્ષો સિદ્ધ સૌ જુએ તજીને ગર્વ.

કુમાર મરુતગણો વળી અચરજથી જોતાં,
મહાન જોઈ રૂપને ભાન બધું ખોતાં.

અનેક મુખ ને નેત્ર ને બાહુ તેમ પગ છે,
દાઢ ભયંકર દેખતાં, ભીત થયું જગ છે.

નભને અડનારું વળી રંગતેજમય રૂપ,
વિશાળ નયને ઓપતું, દિવ્ય વિરાટ સ્વરૂપ.

વ્યથા થાય છે દેખતાં, પ્રાણ ખરે ગભરાય,
ધીરજ ખૂટી જાય ને મનની શાંતિ હરાય.

પ્રલયકાર અંગારશું જોઈ ઉગ્ર સ્વરૂપ,
જ્ઞાનસ્વસ્થતા ના રહે, પ્રસન્ન હો જગભૂપ. (૨૫)

ધૃતરાષ્ટ્રતણાં પુત્ર સૌ કૈં રાજાની સાથ,
ભીષ્મ દ્રોણ કે કર્ણ આ વીર અમારા લાખ.

ઘોર તમારા વદનમાં સર્વ પ્રવેશે છે,
ચોંટે દાંતે કૈંકના મસ્તક તૂટે છે.

નદી હજારો જાય છે સાગરમાંહી જેમ,
લાખો લોકો પેસતાં, વદન તમારે તેમ.

પતંગિયું દીવે પડે મરવા માટે જેમ,
લાખો લોકો પેસતાં, વદન તમારે તેમ.

જીભ તમે ચાટો, ગળી જલદમુખે સૌ લોક,
ઉગ્ર પ્રભાથી, તેજથી ભરી રહ્યા છે લોક. (૩૦)

ઉગ્ર રૂપનાં કોણ છો દેવ કહો મુજને,
મૂળ રૂપ ધારો, પડે સમજ કૈં ન મુજને.

**શ્રી ભગવાન કહે છે**

કાળ લોકનો હું થયો નાશકાજ તૈયાર,
નહીં હોય તું તોય આ વીર બધા મરનાર.

તેથી ઊભો થા, લડી રાજ્ય કરી યશ લે,
નિમિત્ત થા તું તો હવે, વીર હણ્યા છે મેં.

દ્રોણ, ભીષ્મ ને કર્ણ ને જયદ્રથ વીર હજાર,
હણેલ મેં તું હણ હવે, ચિંતા કર ના લગાર.

યુદ્ધ કરી લે ભય તજી, વિજય થશે તારો,
શત્રુને તું મારશે, વિજય થશે તારો.

વચનો આવા સાંભળી, વંદન ખૂબ કરી,
ગદ્ ગદ્ સ્વરથી બોલીયો, અર્જુન પ્રેમ ધરી.

### અર્જુન સ્તુતિ કરે છે

#### અર્જુન કહે છે

હરખાયે સૌ લોક ને કીર્તિ તમારી ગાય,
રાક્ષસ નાસે ભયથકી, સિદ્ધ નમે ને ગાય.

કેમ નમે ના તે બધા, સૌના આદિ તમે,
અનંત વિશ્વાધાર છો, અક્ષર પરમ તમે.

મૂળ સર્વના છો તમે, છો જગના આધાર,
પરમધામ સર્વજ્ઞ છો, સૌના સરજનહાર.

પુરાણ પુરૂષ તમે, વળી સૌના જ્ઞાતા છો,
જ્ઞેયરૂપ છો, સર્વ ને સર્વથકી પર છો.

યમ, અગ્નિ ને વાયુ ને વરુણ ચંદ્ર તમે,
બ્રહ્મા, બ્રહ્માના પિતા, અનંત રૂપ તમે.

વ્યાપક વિશ્વમહીં વળી વિશ્વથકી પર છો,
નમું હજારોવાર ને નમન ફરી પણ હો.

આગળ પાછળથી નમું, ચારે તરફ નમું,
અખૂટ બલભંડાર હે, વારંવાર નમું.

અનંતવીર્ય, તમે સદા સૌમાં વ્યાપક છો,
સર્વરૂપ છો હે પ્રભો, જીવનદાયક છો. (૪૦)

મિત્ર માનતાં મેં કહ્યાં હશે વચન કપરાં,
પ્રેમ તેમ અજ્ઞાનથી વચન કહ્યાં કપરાં.

કૃષ્ણ, સખા, યાદવ હશે એમ કહેલું મેં,
મહિમાને જાણ્યા વિના કહ્યું ભૂલથી કે.

બીજાની સામે વળી એક હશો ત્યારે,
રમતાં, સૂતાં, બેસતાં કે ભોજનકાળે.

વારંવાર કર્યું હશે તેમ વળી અપમાન,
તે સૌ માફ કરો મને, માંગુ છું વરદાન.

જડચેતનના છો પિતા, પૂજ્ય વળી ગુરૂ છો,
તમારા સમો અન્ય ના શ્રેષ્ઠ કોણ છે તો.

પૂજ્ય દેવ તેથી નમું કાય નમાવી હું,
પ્રાર્થું વારંવાર આ શીશ નમાવી હું.

ક્ષમા કરે સુતને પિતા, મિત્ર મિત્રને જેમ,
માફ કરે પ્રિયને પ્રિય, માફ કરી દો તેમ.

અપૂર્વ જોઈ રૂપ આ વ્યથા તેમ ભય થાય,
દેવરૂપને તો ધરો, ભય આ મારો જાય.

દૈવી રૂપ ધરો હવે, હે દેવેશ તમે,
પ્રસન્ન થાઓ વિશ્વના હે આધાર તમે. (૪૫)

ગદા મુકુટને ચક્રને ધારી પ્રભુ પ્રગટો,
વિરાટ રૂપ ત્યજી, થઈ ચતુર્ભુજ પ્રગટો.

**વિરાટ રૂપ વિશે**

**શ્રી ભગવાન કહે છે**

પ્રસન્ન બનતાં રૂપ આ તને બતાવ્યું મેં,
કોઈએ તારા વિના, જોયું જ નથી તે.

શ્રેષ્ઠ તેજમય આદ્ય ને અનંત મારું રૂપ,
આત્મયોગના બળ થકી દિવ્ય બતાવ્યું રૂપ.

વેદ દાન ને યજ્ઞથી, તીરથ કે તપથી,
જોવાયે ના રૂપ આ, જ્ઞાન અને જપથી.

મૂઢભાવ ભય છોડ તું, નિર્ભયતાને ધાર,
દિવ્ય રૂપને જો હવે, વ્યથા હૃદયની ટાળ

સંજય કહે છે

એમ કહી પ્રભુએ ધર્યું ફરી દિવ્ય નિજરૂપ,
આશ્વાસન આપ્યું વળી ધરતાં શાંત સ્વરૂપ. (૫૦)

અર્જુન કહે છે

જોઈ માનવરૂપ આ હવે તમારું શાંત,
સ્વસ્થ થયો હું ને વળી મુજને છેક નિરાંત.

દિવ્ય રૂપ વિશે

શ્રી ભગવાન કહે છે

જોવું જે મુશ્કેલ છે, જોયું તેં મુજ રૂપ,
દેવો પણ ઝંખી રહ્યા જોવા મારું રૂપ.

જે રૂપે જોયો મને, તેમ જુએ કો' ના,
વેદ, યજ્ઞ, તપ, દાનથી શકે નિહાળી ના.

ભક્તિ ખૂબ જ હોય તો આવું દર્શન થાય,
જ્ઞાન થાય મારું અને ભેદ બધાંયે જાય.

ભક્ત બને મારો જ જે, સંગદોષ છોડે,
મુજને ઝંખે તે જગે તરે અને તારે.

કર્મ કરે મુજ કાજ જે, સંગદોષ છોડે,
પ્રાપ્ત થાય મુજને જ તે, બંધન સૌ તોડે. (૫૫)

**॥ અધ્યાય અગિયારમો સમાપ્ત ॥**

# અધ્યાય ૧૨ : ભક્તિયોગ

**ઉત્તમ યોગી કોણ?**

**શ્રી અર્જુન કહે છે**

જોડાઈ તમ સાથ જે ભક્તિ ભક્ત કરે,
અવિનાશી અવ્યક્તની ભક્તિ તેમ કરે.

તે બંનેમાં માનવો, ઉત્તમ યોગી કોણ?
પ્રશ્ન થાય મુજને હશે, ઉત્તમ યોગી કોણ? (૧)

**શ્રી ભગવાન કહે છે**

મારામાં મન જોડતાં, શ્રદ્ધા ખૂબ કરી,
સંધાઈ મુજ સાથ જે મુજને સર્વ ધરી.

કરતાં ભક્તિ માનજે ઉત્તમ તું તેને,
ઉત્તમ યોગી મુજ મહીં આસક્તિ જેને. (૨)

અવિનાશી અવ્યક્ત ને અચિંત્ય મારું રૂપ
સર્વ વ્યાપક જે ભજે સ્થિર કૂટસ્થ સ્વરૂપ,

સમબુદ્ધિ ધારી બને જે ઈન્દ્રિય સ્વામી,
સૌનું હિત કરનાર તે મને જાય પામી.

નિરાકાર રૂપે ભજ્યે ક્લેશ ઘણો થાયે
દેહવાન અવ્યક્તમાં દુ:ખ થકી જાયે. (૫)

બધાં કર્મ અર્પી મને મત્પર જે જન થાય,
અનન્ય ભાવે જે ભજે ધરતાં ધ્યાન સદાય.

મૃત્યુલોકથી તેમનો કરવામાં ઉદ્ધાર,
વિલંબ ના કદિ હું કરું જેને મન હું સાર.

## વિવિધ સાધન

મારામાં મન રાખ ને બુદ્ધિ મુજમાં ધાર,
પ્રાપ્ત કરીશ મુજને પછી, શંકા કર ના લગાર.

મારામાં જો ચિત્તને સ્થિર કરી ન શકાય,
અભ્યાસ તણા યોગથી કર તો યત્ન સદાય.

અભ્યાસ થકી જો મને પ્રાપ્ત કરી ન શકે,
મારે માટે કર્મ કર તો તે યોગ્ય થશે. (૧૦)

મુજ માટે કર્મો કરી સિદ્ધિ મેળવશે,
મારે માટે કર્મ કર તો તે યોગ્ય થશે.

જો તે ના જ કરી શકે, શરણ લઇ મારું,
સર્વ કર્મફલ ત્યાગ તું તોય થશે સારું.

જ્ઞાન શ્રેષ્ઠ અભ્યાસથી મંગલકારક છે,
ધ્યાન વધે છે જ્ઞાનથી એમ કહેલું છે.

ધ્યાનથકી છે કર્મના ફલનો ત્યાગ મહાન,
શાંતિ મળે છે ત્યાગથી એમ સદાયે જાણ.

**ભક્તનાં લક્ષણ**

સર્વ જીવ પર મિત્રતા, દયા પ્રેમ જેને,
મમતા, મદ ને વેરને દૂર કર્યાં જેણે.

સમાન સુખ ને દુઃખમાં, ક્ષમાશીલ છે જે,
સંતોષી ને સંયમી યોગી તેમ જ જે.

મનબુદ્ધિ અર્પણ કરી મને ભજે છે જે,
દૃઢ નિશ્ચયથી છે મને ભક્ત ખરે પ્રિય તે.

દુભવે કોઇને નહીં, કોઇથી ન દુભાય,
હર્ષ શોક ભયને તજ્યાં, પ્રિય તે ભક્ત ગણાય.

વ્યથા તેમ તૃષ્ણા નથી, દક્ષ શુદ્ધ છે જે,
ઉદાસીન સંસારથી, પ્રિય છે મુજને તે.

હર્ષ શોક આશા અને વેર કરે ના જે
મોહે ના શુભ અશુભથી, પ્રિય છે મુજને તે.

માન વળી અપમાન હો, શત્રુમિત્ર કે હોય
કરે ખૂબ ગુણગાન કે નિંદા છોને કો'ય.

તુષ્ટ રહે પ્રારબ્ધથી સુખદુઃખે ન ડગે,
સંગ તજે સમતા ધરે, ના બંધાય જગે.

ઉપાધિ ના જેને વળી, ઘરમાં ના મમતા,
સ્થિરબુદ્ધિ જે ભક્ત તે ખૂબ મને ગમતા.

ધર્મતણું અમૃત આ શ્રદ્ધાપૂર્વક જે,
પીએ ભક્તજનો મને ખૂબ ગમે છે તે.

મારું શરણું લઇ સદા, ભક્ત ભજે છે જે,
ધર્મસારને સમજતાં, પ્રિય છે મુજને તે. (૨૦)

**॥ અધ્યાય બારમો સમાપ્ત ॥**

# અધ્યાય ૧૩ : ક્ષેત્રક્ષેત્રજ્ઞવિભાગયોગ

**ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ**

**શ્રી ભગવાન કહે છે**

આ શરીર અર્જુન હે, ક્ષેત્ર એમ કહેવાય,
જે જાણી લે તેહને તે ક્ષેત્રજ્ઞ ગણાય.

સર્વ શરીરોમાં મને ક્ષેત્રજ્ઞ ખરે જાણ,
જ્ઞાન ક્ષેત્રક્ષેત્રજ્ઞનું જ્ઞાન સત્ય તે માન

ક્ષેત્ર તેમ ક્ષેત્રજ્ઞ શું, પ્રભાવ તેનો શું,
વિકાર તેના, તે બધું કહું ટુંકમાં હું.

વિવિધ છંદમાં જ્ઞાન આ કહ્યું કૈંક ઋષિએ,
બ્રહ્મસૂત્રના પદમહીં તેને ગાયું છે.

મહાભૂત બુદ્ધિ વળી અવ્યક્ત અંહકાર,
દસ ઈન્દ્રિયો મન અને પાંચ વિષય વિસ્તાર. (૫)

ઈચ્છા સુખ ને દુ:ખ ને દ્વેષ ચેતના તેમ,
ધ્રુતિ સંઘાત કહેલ છે ક્ષેત્ર વિકારી એમ.

**જ્ઞાનીનાં લક્ષણ**

માની ના બનવું વળી દંભ દર્પ તજવાં,
દયા રાખવી, જીવને કો'દી ના હણવા.

બુરું કરે કોઈ કદી તોય ક્ષમા દેવી,
સરલ હૃદય ને પ્રેમથી વાત સદા કે'વી.

પૂજ્ય ગુરૂને માનવા, સ્વચ્છ સદા રહેવું,
ચંચલતાને છોડવી, મન જીતી લેવું.

ઈન્દ્રિયોના સ્વાદમાં સુખ ના કદિ જોવું,
કામ, ક્રોધ, અભિમાન મૂકી મન ધોવું.

જન્મ થાય છે મરણ ને રોગ વળી થાયે,
ઘડપણ આવે એમ આ જીવન તો જાયે.

એમ દુઃખ દોષો બધા જીવનના જોવા.
વૈરાગ્ય તણા લેપથી વિકાર સૌ ધોવા.

સ્ત્રી ઘર સંતાને નહીં મમતા રતિ કરવી,
સારા નરસા સમયમાં ધીરજને ધરવી.

અનન્ય ભાવ કરી સદા મુજ ભક્તિ કરવી.
જનસમૂહની પ્રીત ના સ્વપ્ને પણ કરવી. (૧૦)

શાંત સ્થળે રે'વું, વળી કરવો ત્યાં અભ્યાસ,
જ્ઞાન મેળવી પામવા ઈશ્વરને અભ્યાસ.

જીવનનું ધન માનતાં મેળવવો મુજને,
આ સૌ જ્ઞાનતણાં કહ્યાં લક્ષણ મેં તુજને.

તે જ જાણવા જોગ છે જેથી અમર થવાય.
અનાદિ તે પરબ્રહ્મ ના સત્યાસત્ય ગણાય.

તે ઈશ્વરને જાણજે, જે વ્યાપક સઘળે,
બધે હાથ પગ આંખ છે, શિર જેનાં સઘળે

ગુણપ્રકાશક તેમ છે ઈન્દ્રિયથી પર તે,
ધારણ કરતા સર્વના અનાસક્ત પણ છે.

ચરાચર બધા જીવની બહાર અંદર છે,
સુક્ષ્મ ખૂબ છે, એટલે અગમ્ય તે પ્રભુ છે.

દૂર રહ્યા તે તોય છે હૃદયે ખૂબ જ પાસ,
સૌને સરજી પાળતા, કરતાં સૌનો નાશ. (૧૫)

સમગ્ર જીવોમાં રહ્યાં વિભક્ત જેવા તે,
પોષક સૌના જ્ઞેય ને નાશક સર્જક છે.

પ્રકાશનાય પ્રકાશ તે, અંધકારથી દૂર,
હૃદયમાં રહ્યાં સર્વના, જ્ઞાન પ્રેમના પૂર.

જ્ઞાન, જ્ઞેય ને ક્ષેત્રને કહ્યું ટૂંકમાં મેં,
ભકત ભાવ મુજ મેળવે જ્ઞાન મેળવી તે.

પ્રકૃતિ પુરૂષ અનાદિ છે એમ ખરે તું જાણ,
વિકાર ને ગુણ ઊપજ્યા પ્રકૃતિમાંથી માન.

કારણ તેમજ કાર્યને છે પ્રકૃતિ કરનાર,
પુરૂષ સુખ ને દુઃખના ભોગો ભોગવનાર. (૨૦)

પ્રકૃતિના ગુણનો કરે પુરૂષ સદાયે ભોગ,
તેથી તેને થાય છે જન્મમરણનો રોગ.

સાક્ષી પાલક સર્વના મહેશ્વર કહ્યા તે,
પરમાત્મા ઉત્તમ વળી આ શરીરમાં છે.

પરમ પુરૂષ તે તો સદા દેહે વાસ કરે.
દૃષ્ટા મંતારૂપ તે સૌમાં વાસ કરે.

પુરૂષ તેમ ગુણસાથ જે પ્રકૃતિને જાણે,
કોઇ સ્થિતિમાં તે નહીં ફરી જન્મ પામે.

કોઇ પ્રભુને ધ્યાનમાં હૃદયે દેખે છે,
કોઇ જ્ઞાન થકી કરી કર્મે પેખે છે.

બીજા પાસે સાંભળી પ્રભુને ભજતાં જે,
તરી જાય છે મોતને સુણનારાયે તે. ॥૨૫॥

જડ ને ચેતન જન્મતું જે કૈં પણ દેખાય,
તે પ્રકૃતિ ને પુરૂષના સમાગમ થકી થાય.

સમાનરૂપે સર્વમાં વસી રહ્યા પ્રભુ તે,
તેને જે જોતાં સદા જોતાં સાચું તે.

વિનાશી બધી વસ્તુમાં અવિનાશી પ્રભુ તે,
તેને જે જોતાં સદા જોતાં સાચું તે. (૨૭)

આત્મા જેવા અન્યને તે ન કદી મારે,
વિનાશી જગે જે સદા પ્રભુજીને ભાળે.

પ્રકૃતિ કર્મ કરે બધાં, આત્મા કૈં ન કરે,
એમ જાણતાં જાણતાં સાચું તે જ તરે.

ભિન્ન જીવ પ્રભુમાં રહ્યા તે પ્રભુથી થાયે,
સમજે એવું તેમને પ્રભુ પ્રાપ્તિ થાયે. (૩૦)

પરમાત્મા અવિનાશ ને અનાદિ નિર્ગુણ આ,
કૈં ન કરે દેહે રહી કે લેપાયે ના.

વ્યાપક તોય સુક્ષ્મ ના લિપ્ત થાય આકાશ.
આત્મા તેમજ અંગમાં ના લેપાયે ખાસ,

સૂર્ય જેમ એક જ છતાં બધે પ્રકાશ કરે,
આત્મા તેમ જ દેહમાં બધે પ્રકાશ ધરે.

ક્ષેત્ર તેમજ ક્ષેત્રજ્ઞ ને જીવ પ્રકૃતિ જ્ઞાન,
મોક્ષ વળી જે જાણતા, તે કરતા કલ્યાણ. (૩૪)

॥ અધ્યાય તેરમો સમાપ્ત ॥

# અધ્યાય ૧૪ : ગુણત્રયવિભાગયોગ

**શ્રી ભગવાન કહે છે**

ફરીથી કહું છું તને જ્ઞાન તણું યે જ્ઞાન,
જેને જાણી મુનિવરો પામ્યા છે કલ્યાણ.

પામીને આ જ્ઞાનને જે મુજને મળતાં,
તે કલ્પે ના જન્મતા, પ્રલયે ના મરતાં.

પ્રકૃતિ મારી યોનિ છે, તેમાં પ્રાણ ધરું,
તેથી વિશ્વ વિરાટ આ જન્મે છે સઘળું.

ભિન્ન યોનિમાં જીવ જે જગમાં જન્મ ધરે,
પિતા તેમનો ગણ મને, પ્રકૃતિ માત ખરે.

સત્વ રજ અને તમ ત્રણે પ્રકૃતિના ગુણ છે,
શરીરમાં લપટાવતા માણસને ગુણ તે. (૫)

સત્વ ગુણ ખરે શુદ્ધ છે, રૂપ તેજનું છે,
સુખની તેમજ જ્ઞાનની સાથે બાંધે તે.

રજો ગુણ ઊઠે રાગથી, તૃષ્ણાથી તે થાય,
કર્મમહીં માનવ સદા તેનાથી બંધાય.

અજ્ઞાન થકી ઉપજે વળી તમોગુણ તો,
પ્રમાદ આળસ ઊંઘથી બાંધે છે તે તો.

સુખ આપે છે સત્વ ગુણ, રજ કર્મે દોરે,
તમ તો જ્ઞાન હરે, ભરે આળસને જોરે.

રજ ને તમને ઢાંકતા વધે સત્વગુણ આ,
રજોગુણ વધે ને કદી વધે તમો ગુણ આ. (૧૦)

રોમરોમમાં અંગમાં, પ્રકાશજ્ઞાન છવાય,
સત્વગુણ વધ્યો તો ખરે, જોતા એમ ગણાય.

લોભ પ્રવૃત્તિ થાય ને તૃષ્ણા વધતી જાય,
રજોગુણ વધ્યે કાબુ ના ઈન્દ્રિયોનો થાય

વિવેક તૂટે મોહ ને પ્રમાદ આળસ થાય,
તમોગુણ વધે તે સમે લક્ષણ આમ જણાય.

સત્વગુણ મહીં મોત જો કોઇ જનનું થાય,
તો તે ઉત્તમ લોકમાં શુદ્ધ લોકમાં જાય

રજોગુણમહીં જો મરે, કર્મીજનમાં જાય,
મૂઢ યોનિમાં જાય જો મોત તમમહીં થાય. (૧૫)

સત્કર્મ તણું સાત્વિક તેમજ
નિર્મલ ફલ સાચે જ મળે,
રજનું ફલ છે દુઃખ તેમ,
તમનું ફલ છે અજ્ઞાન ખરે.

સત્વગુણ થકી જ્ઞાન ને લોભ રજ થકી થાય,
મોહ તેમ અજ્ઞાન ને પ્રમાદ તમથી થાય.

સાત્વિક ગતિ ઉત્તમ લભે, રાજસ મધ્યમને,
તમોગુણી લોકો લભે સદા અધમ ગતિને.

કર્મતણો કર્તા નથી ગુણો વિના કોઇ,
આત્મા ગુણથી પર સદા, સમજે એ કોઇ.

ત્યારે તે મુજ ભાવને પ્રાપ્ત થઇ જાયે,
નિર્વિકાર બનતાં મને પ્રાપ્ત થઇ જાયે

આ ત્રણ ગુણને જીતતાં જે તેથી પર થાય,
જન્મજરાથી તે છૂટી અમૃતરસમાં ન્હાય. (૨૦)

**અર્જુન કહે છે**

આ ત્રણ ગુણને જીતતાં જે તેથી પર થાય,
કેવાં લક્ષણથી કહો તેની ઓળખ થાય.

**શ્રી ભગવાન કહે છે**

મોહથી ચળે તે નહીં, કર્મે ના લેપાય,
દ્વેષ કરે ના કર્મ કે શાંતિને ના ચ્હાય.

ઉદાસીન જેવો રહે, ગુણથી ચલિત ન થાય,
ગુણો વર્તતા ગુણમહીં, સમજી ચલિત ન થાય.

સુખ ને દુઃખમહીં રહે શાંત ચિત્ત જેનું.
માટી સોનું પત્થરે સરખું મન તેનું.

કોઇ નીંદે કે કરે કોઇ ભલે વખાણ,
માન કરે, કોઇ કરે કે છો ને અપમાન.

બધી દશામાં તે રહે શાંત પ્રસન્ન સમાન,
સરખા શત્રુ મિત્ર છે, ગુણાતીત તે જાણ. ॥૨૫॥

ખૂબ પ્રેમભક્તિ કરે મારે માટે જે,
ગુણને જીતી પ્રભુસમો બની જાય છે તે.

અમર વિનશ્વર બ્રહ્મની પ્રતિષ્ઠા મને જાણ,
સુખ ને શાશ્વત ધર્મનો આધાર મને માન. (૨૭)

॥ અધ્યાય ચૌદમો સમાપ્ત ॥

# અધ્યાય ૧૫ : પુરૂષોત્તમયોગ

## જગતરૂપી વૃક્ષ

### શ્રી ભગવાન કહે છે

અવિનાશી આ જગતને કહ્યો પીપળો છે,
તેનો જાણે સાર જે, જ્ઞાની સાચો તે.

ગુણોથી વધી વિષયના મૃદુ પત્રોવાળી,
શાખા તેની ઉપરને નીચે છે સારી.

મનુષ્યલોકમાં કર્મથી બાંધનાર છે તે,
નીચે શાખા, ઉપર છે મૂળ વૃક્ષનું એ.

સ્વરૂપ તેનું સ્હેજમાં સમજી ના જ શકાય,
આદિ અંત સંસારનાં સમજી ના જ શકાય

જ્યાંથી પાછા આવતા જ્ઞાની લોકો ના,
તે ઉત્તમપદ પામવું જન્મ ધરીને આ.

જેનાથી આ જગતની પ્રવૃત્તિ ચાલે,
તે પરમાત્મા પામવા, જગને જે પાળે.

દૃઢ આ દ્રુમ સંસારનું એમ વિચારી જે,
અનાસક્તિના શસ્ત્રથી છેદે બુધજન તે.

માન મોહ આસક્તિના દોષ નથી જેને,
આત્મજ્ઞાનમાં મગ્ન છે, કામ નથી જેને.

સુખ ને દુઃખસમાં બધાં દ્વંદ્વથકી પર છે,
જ્ઞાની તેવા પામતા અવિનાશી પદને. (૫)

અગ્નિ સૂરજ ચંદ્ર ના જેને તેજ ધરે,
જન્મ મરણથી મુક્ત તે, મારું ધામ ખરે.

જીવ અંશ મારો થઇ શરીરમાં વસતો,
ઇન્દ્રિયો ને મનતણું આકર્ષણ કરતો.

સુવાસ કોઇ ફુલની પવન લઇને જાય,
તેમ જીવ આ અંગથી મૃત્યુ સમયે જાય.

આંખ કાન ને નાક ને જીભ ત્વચા મનને,
સાધન કરતાં ભોગવે જીવ વિષયરસને.

જીવ દેહથી જાય છે, દેહે ભોગ કરે,
મૂઢ જુએ એને નહીં, દર્શન સંત કરે. (૧૦)

યોગી યત્ન કરી જુએ અંતરમાં તેને,
યત્ન કર્યે પણ ના જુએ ચંચળજન એને.

અગ્નિ સૂરજ ચંદ્રમાં જે કૈં તેજ જણાય,
તેજ તે બધું મેં ધર્યું મારું એમ ગણાય.

ધારું છું હું જગતને પૃથ્વીના રૂપમાં
પોષું છું ને ઔષધિ ઢળી ચંદ્રરસમાં.

જઠરાગ્નિ બનતાં રહ્યો શરીરમાંયે હું,
ચાર જાતના અન્નને હું જ પચાવું છું.

સૌના હૈયે છું રહ્યો, જીવનપ્રાણ થઈ,
જ્ઞાન, જ્ઞાનનું મૂળ છું, સાચી વાત કહી.

સંશયનાશક જ્ઞાન ને સ્મૃતિનો દાતા હું,
વેદાંતક ને વેદનો જાણનાર પણ છું. (૧૫)

આત્મા તો અવિનાશ છે, છે શરીરનો નાશ,
ક્ષર ને અક્ષર વસ્તુનો એમ વિશ્વમાં વાસ.

પરમાત્મા બીજા વળી એથી ઉત્તમ છે,
જે વ્યાપક જગમાં થયા, ઈશ્વર સાચે તે.

ક્ષર અક્ષરથી શ્રેષ્ઠ હું, એથી અર્જુન હે,
કહે વેદ ને જગતમાં પુરુષોત્તમ મુજને.

મને જ પુરુષોત્તમરૂપે જાણે જ્ઞાની જે,
ભજે સર્વભાવે મને સર્વજ્ઞ ખરે તે.

ખૂબ ગુઢમાં ગુઢ આ શાસ્ત્ર કહ્યું છે મેં
ધન્ય તેમ જ્ઞાની બને આને જાણે તે. (૨૦)

॥ અધ્યાય પંદરમો સમાપ્ત ॥

# અધ્યાય ૧૬ : દૈવાસુરસંપદ્વિભાગયોગ

## દૈવી સંપત્તિનું વર્ણન

ડરવું કોઈથી નહીં, થવું સદા શૂરવીર,
ખેલ કરી કસરત કરી, કરવું સરસ શરીર.

પ્રભુનાં બાળક છે બધાં, એમ સદા સમજી,
પ્રભુને જોવા સર્વમાં ભેદ બધાંય તજી.

સાપ, સિંહ ને ડાકુથી ડરવું ના કદિકાળ,
રક્ષક છે પ્રભુ સર્વના, ડરવું ના કદિકાળ.

ચોરી તેમજ જૂઠ ને નિંદાથી ડરવું,
બાકી કાયરતા તજી સંસારે ફરવું,

ધર્મનીતિથી ચાલવું, પ્રભુથી કરવી પ્રીત,
ડરવું ઇશ્વર એકથી, થઇ જાઇ તો જીત.

વસ્ત્ર જેમ ધોવાય છે ધોવું મન તેવું,
દુર્ગુણ તેમજ દ્વેષને સ્થાન જ ના દેવું.

જ્ઞાન પામવું તે બધું ધરવું ખૂબ જ ધ્યાન,
ઉતારવું જીવનમહીં ઉત્તમ એવું જ્ઞાન.

મન હંમેશા મારવું, બનતું કરવું દાન,
અનાથ દુઃખી દીનને અન્નવસ્ત્રનું દાન

ધનથી બીજી શક્તિથી કરવાં સૌનાં કામ,
થવું કદી સ્વાર્થી નહી, ભજવા આતમરામ.

મન વાણી ને દેહનો સંયમ પણ કરવો,
પણ અભિમાન ન રાખવું, નમ્ર ભાવ ધરવો.

હિંસા કરવી ના કદી, સત્ય વળી વદવું,
ઝેર ક્રોધને જાણવું, વેર વળી તજવું.

શાંત ચિત્તથી બોલવું, વસવું આ જગમાં,
દયા દીન પર લાવવી, મધુર થવું દગમાં.

ખોટા કામોમાં સદા લજ્જાને ધરવી,
લોલુપતા ના રાખવી, ચંચળતા હરવી.

તેજસ્વી બનવું, વળી ક્ષમા સદા કરવી,
દ્રોહ ન કરવો ને સદા ધીરજને ધરવી.

અહંકાર ના રાખવો, કરવું શુદ્ધ શરીર,
દૈવી ગુણવાળાતણા ગુણ આ, અર્જુન વીર.

## આસુરી સંપત્તિનું વર્ણન

દંભ, દર્પ, અભિમાન ને જેઓ કરતા ક્રોધ,
કઠોર ને જે અજ્ઞ છે, પ્રભુની ન કરે શોધ,

દુર્ગુણવાળા તે કહ્યા રાક્ષસ જેવા લોક,
સુખ ના પામે તે કદી કરે સદાયે શોક.

તેથી દુર્ગુણ છોડવા ને ગુણિયલ બનવું,
દૈવી ગુણવાળા બની જીવનને તરવું.

સદ્ ગુણથી શાંતિ મળે, ટળી જાય છે દુઃખ,
દુર્ગુણથી તો ના કદી શમે, શાંતિની ભૂખ.

સદ્ ગુણથી તું છે ભર્યો, અર્જુન, ના કર શોક,
સુખી થશે સાચે હવે, ક્લેશ કરીશ ન ફોક. (૫)

દૈવી તેમજ આસુરી વૃત્તિ તો બે છે,
દૈવી વિસ્તારે કહી આસુરી સુણ હવે.

શું કરવું, શું છોડવું, તેને ના જાણે,
સત્ય શૌચ આચાર ના પાળે કદી કાળે.

અસત્ય ને આધારથી રહિત જગત છે આ,
પરસ્પર થયું ભોગમય, પ્રભુ તેમાં છે ના.

આવા અશુદ્ધ વિચારથી ખોટાં કર્મ કરે,
મંદબુદ્ધિના લોક આ જગનો નાશ કરે.

તૃષ્ણા તેમજ દંભ ને માનમદે ભરિયા,
મોહ થકી ઘેરાયેલા માનવ તે મરિયા.

ખોટી વાતોને સદા પકડી તે રાખે,
અશુદ્ધ વ્રતને આચરે, અસત્યને ભાખે. (૧૦)

અપાર ચિંતા પ્રયલના કાળ લગી કરતા,
ભોગ ભોગવો જગતમાં એ શિક્ષા ધરતા.

અધર્મથી ધન મેળવે, કરે ભોગ ને શોક,
આશા તૃષ્ણાથી ભર્યા, કામી ક્રોધી લોક.

દ્રવ્ય આટલું મેળવ્યું, હજીય મેળવવું,
આ ઇચ્છા પૂરી થઇ, હજી કામ કરવું.

આ શત્રુને મેં હણ્યો, બીજાને હણવો,
ઇશ્વર, ભોગી, સિદ્ધ, હું બલી, સુખી વરવો.

મારા જેવો કોણ છે, ધની માન્ય છું હું,
કરું યજ્ઞ ને દાન ને ભોગ ભોગવું હું. (૧૫)

એવા દુષ્ટ વિચારથી મોહે ડૂબ્યા જે,
ભ્રમિત ચિત્તના માનવી પડે નરકમાં તે.

ભોગવિલાસે રત વળી માનમદે ભરિયા,
મમતા, મોટાઇ અને મોહમહીં મરિયા.

વિવિધ જાતના યજ્ઞ ને અનુષ્ઠાન કરતા,
દંભ તેમ પાખંડથી વિધિને ના કરતાં.

અહંકાર, બળ, દર્પ ને કામક્રોધવાળા,
દ્વેષ કરે મારો સદા નિંદક તે મારા.

અધમ ક્રૂર તે દુષ્ટને દુઃખી સદા રાખું,
ઘોર આસુરી યોનિમાં તે સૌને નાખું.

લભી આસુરી યોનિને અનેક જન્મે તે,
મને મેળવે ના કદી, લભે અધમ ગતિને. (૨૦)

<u>નરકનાં દ્વાર</u>

કામ, ક્રોધ ને લોભ છે દ્વાર નરકનાં ત્રણ,
નાશ કરી દે આત્મનો, તજી દે લઇ પણ.

અંધારા એ દ્વારથી મુક્ત થાય જે જન,
તેજ કરે કલ્યાણ ને પામે છે ગતિ ધન્ય.

શાસ્ત્રોની વિધિ છોડતાં મનસ્વીપણે જે,
કર્મ કરે, ના તે લભે સિદ્ધ મુક્તિ સુખ કે.

કર્મમહીં તો શાસ્ત્રને પ્રમાણ તું ગણજે,
શાસ્ત્રાજ્ઞા માની સદા કર્મ બધાં કરજે. (૨૪)

॥ અધ્યાય સોળમો સમાપ્ત ॥

# અધ્યાય ૧૭ : શ્રદ્ધાત્રયવિભાગયોગ

**અર્જુન કહે છે**

શાસ્ત્રોની વિધિને મૂકી શ્રદ્ધાથી જ ભજે,
સાત્વિક, વૃત્તિ તેમની, રાજસ તામસ કે ?

**ત્રણ જાતની શ્રદ્ધા**

**શ્રી ભગવાન કહે છે**

સૌની શ્રદ્ધા સહજ તે ત્રણ પ્રકારની હોય,
સાત્વિક, રાજસ, તામસી, સુણ તે કેવી હોય.

હૈયું જેવું હોય છે તેવી શ્રદ્ધા હોય,
શ્રદ્ધામય છે માનવી, શ્રદ્ધા જેવો હોય.

સાત્વિક પૂજે દેવને, રાજસ યક્ષ ભજે,
તમોગુણીજન પ્રેત ને પ્રાણી અન્ય ભજે.

શાસ્ત્રોથી ઉલટી કરે ઘોર તપસ્યા જે,
દંભી અભિમાની અને કામી ક્રોધી જે.

આત્મારૂપ રહ્યા મને તે પીડા કરતા,
નિશ્ચય તેનો રાક્ષસી, ફોગટ શ્રમ કરતા. (૫-૬)

**ત્રણ જાતનો ખોરાક**

ત્રણ પ્રકારનો સર્વનો ખોરાક કહ્યો છે,
યજ્ઞ, તપ અને દાનનો ભેદ બતાવ્યો છે.

આયુ વધે આરોગ્ય હો, બલ વધે વળી તેમ,
જેથી સુખ લાગે, બને અંતર ટાઢું હેમ.

રસવાળું ને મધુર તે સાત્વિક અન્ન કહ્યું,
વિદ્વાનોએ તેહને ઉત્તમ અન્ન ગણ્યું.

કડવું તીખું હોય જે ખાટું ને ખારું,
સૂકું ઊનું ખૂબ તે અન્ન નહીં સારુ.

દુઃખ શોક ને રોગ તે અન્ન સદાય કરે,
રાજસ તેને છે કહ્યું, તે સુખશાંતિ હરે.

ખાધેલું, રસહીન ને ટાઢું ખૂબ થયું,
તેમજ વાસી અન્ન તે તામસ અન્ન કહ્યું

એઠું તેમ અપવિત્ર ને દુર્ગંધીવાળું,
તામસ જનને તે ગમે, અન્ન નહીં સારું. (૧૦)

<u>ત્રણ જાતના યજ્ઞ</u>

ફલની ઇચ્છાને મૂકી વિધિપૂર્વક જે થાય,
કરવા ખાતર યજ્ઞ તે, સાત્વિક યજ્ઞ ગણાય.

ફલની ઇચ્છા રાખતા, દંભ પોષવા થાય,.
યશને માટે યજ્ઞ તે રાજસ યજ્ઞ ગણાય

દક્ષિણા ને મંત્ર ને શ્રદ્ધા જેમાં ના,
તામસ યજ્ઞ ગણાય તે વિધિયે જેમાં ના.

## ત્રણ જાતનાં તપ

જ્ઞાની, બ્રાહ્મણ, દેવ ને ગુરૂ પૂજા કરવી,
પવિત્રતા ને સરલતા અંતરમાં ધરવી.

બ્રહ્મચર્યને પાળવું, હિંસા ના કરવી,
શરીરનું તપ તે કહ્યું, નિર્બલતા હરવી.

સત્ય ને મધુર બોલવું, જેથી મંગલ થાય,
જ્ઞાનપાઠ કરવો વળી, તે વાણી તપ થાય. (૧૫)

પ્રસન્ન મનને રાખવું, ચિંતા ના કરવી,
વિકાર મનના ટાળવા, ચંચળતા હરવી.

શાંતિ રાખવી, જાતનો સંયમ પણ કરવો,
મૌન રાખવું હૃદયમાં શુદ્ધ ભાવ ભરવો.

વિચાર ઉત્તમ રાખવા, ભેદ દૂર કરવો,
મનનું તપ આ છે કહ્યું, ભય સૌનો હરવો.

ફલની ઇચ્છાને મૂકી, શ્રદ્ધા રાખી થાય,
સાત્વિક તપ તો આ ત્રણે ઉત્તમ એમ ગણાય.

માન બડાઇ કાજ જે બતાવવા જ કરાય,
પૂજાવા ખાતર વળી, તે રાજસ તપ થાય.

અજ્ઞાન અને હઠ થકી સંકટ સહી શકાય,
તામસ તપ તે, અન્યનો કરવા નાશ કરાય.

### ત્રણ જાતનું દાન

દેવા ખાતર દાન જે કોઇને દેવાય,
સમય પાત્ર જોઇ સદા, તે સાત્વિક કે'વાય. ॥૨૦॥

ફળ મેળવવા દાન જે બદલામાં દેવાય,
ઉપકાર ગણી દાન જે તે રાજસ કહેવાય.

પાત્ર સમય સંજોગને જોયા વિના કરાય,
અયોગ્ય ને જાહેર તે તામસ દાન ગણાય.

### ઓમ તત્સતનો મહિમા

ઓમ અને તત્સત્ કહ્યાં ઇશ્વરનાં ત્રણ નામ,
એથી ઓમ કહી સદા કરાય મંગલ કામ.

વેદ યજ્ઞ બ્રાહ્મણ થયા તેમાંથી સઘળા,
યજ્ઞ દાન થાયે લઇ નામ તે જ સઘળાં.

તત્ શબ્દ કહીને વળી ત્યજી દઇ તૃષ્ણા,
મુમુક્ષુજનો દાન ને તપ ઉત્તમ કરતાં. (૨૫)

સાધુ તેમ સદ્ ભાવમાં પ્રયોગ સત્ નો થાય,
ઉત્તમકર્મોમાં સદા પ્રયોગ સત્ નો થાય.

યજ્ઞ દાનને તપમહીં સ્થિતિ તે સત્ કહેવાય,
તે માટેના કર્મને સત્ એમ જ કહેવાય.

શ્રદ્ધા વિના કરાય જે કર્મ યજ્ઞ તપ દાન,
મંગલ તે ન કરી શકે, અસત્ય તેને માન. (૨૮)

**॥ અધ્યાય સત્તરમો સમાપ્ત ॥**

# અધ્યાય ૧૮ : મોક્ષસંન્યાસયોગ

**અર્જુન કહે છે**

તત્ત્વ કહો સંન્યાસ ને ત્યાગ તણું મુજને,
કોને ત્યાગ કહો વળી સંન્યાસ કહો તે.

**ત્યાગ ને સંન્યાસ**

**શ્રી ભગવાન કહે છે**

કર્મોનો જે ત્યાગ છે, તે સંન્યાસ ગણાય,
કર્મતણાં ફળ ત્યાગવા, તે જ ત્યાગ કહેવાય.

કોઈ કે' છે કર્મ છે ખરાબ તો ત્યાગો,
કોઈ કે' તપ, યજ્ઞ ને દાન ના જ ત્યાગો.

તે સંબંધી સાંભળી મારો મત તું લે,
ત્યાગ કહ્યો ત્રણ જાતનો, સુણી હવે તું લે.

યજ્ઞ, દાન, તપ, કર્મ તો કો'દી તજવાં ના,
યજ્ઞ, દાન તપથી બને પવિત્ર માનવ હા. (૫)

અહંકાર તૃષ્ણા તજી આ કર્મો કરવા,
મત મારો મેં છે કહ્યો, શ્રેષ્ઠ કર્મ કરવા.

**ત્રણ જાતના ત્યાગ**

નક્કી કર્મોનો નહીં ત્યાગ ઘટે કરવો,
ત્યાગ કરે કો મોહથી, તો તામસ ગણવો.

દુઃખરૂપ સૌ કર્મ છે, દે શરીરને ક્લેશ,
એમ ગણીને થાય તે ફળ ના આપે લેશ.

રાજસ તે તો ત્યાગ છે, ચિંતા ભયથી થાય,
કોઈ સંકટ આવતાં, પડતાં દુઃખ કરાય.

તૃષ્ણા મદ ત્યાગી કરે શ્રેષ્ઠ કર્મને જે,
તે પ્રકારના ત્યાગને સાત્વિક કહે છે.

સાત્વિક ત્યાગી પ્રજ્ઞ ને સંશયરહિત સદાય,
ખરાબને નીંદે નહીં, સારામાં ન ફસાય. (૧૦)

બધાં કર્મ છોડી શકે માનવ ના કો'દી,
ત્યાગી તે છે જેમણે ફલ દીધું છોડી.

ફલાશા કરે તેમને ત્રિવિધ મળે ફલ તો,
તે ફલ ત્યાગીને નથી, ત્યાગ કરે જો કો'.

સર્વ કર્મની સિદ્ધિને માટે પાંચ કહ્યા,
કારણ તે સુણજે હવે, કારણ પાંચ કહ્યા. (૧૩)

અધિષ્ટાન, કર્તા અને સાધન ભિન્ન કહ્યાં,
ક્રિયા જુદી ને પાંચમું દૈવ, પ્રબલ સઘળાં.

કાયા વાણી મનથકી જે પણ કર્મ કરાય,
તેનાં આ કારણ કહ્યાં, સારું માઠું કરાય. (૧૫)

આથી આત્માને જ જે કર્તા માને છે,
તે યથાર્થ જ્ઞાની નથી, કર્તા માને જે.

અહંભાવ જેને નથી, બુદ્ધિ ના ભરમાય,
સારા જગને તે હણે તો યે ના બંધાય.

જ્ઞાન જ્ઞેય જ્ઞાતાથકી કર્મ પ્રેરણા થાય,
કારણ કર્મ કર્તાથકી કર્મ સમુચ્ચય થાય.

જ્ઞાન કર્મ કર્તા વળી ત્રણ પ્રકારના છે,
ગુણ પરમાણે તે કહું, પ્રેમે સાંભળજે.

<u>ત્રણ જાતનું જ્ઞાન</u>

જુદા જુદાયે જીવમાં પ્રભુ તો એક જ છે,
એકતા જુએ જે સદા, સાત્વિક જ્ઞાન જ તે. (૨૦)

ભેદ ભાવને જે જુએ સંસારમહીં ને,
જીવ ગણે જુદા બધાં, રાજસ જ્ઞાન જ તે.

(છંદ - અનુષ્ટુપ)

એકમાં જ ડૂબે છે જે, એકને જ વળી ગણે,
અંધ કે ભ્રાંતની જેમ, જ્ઞાન તામસ તે ભણે.

## ત્રણ જાતનાં કર્મ

રાગદ્વેષ અહંતાને છોડી, ચોક્કસ થાય જે,
ફલેચ્છાના વિના કર્મ, કર્મ સાત્વિક માન તે.

અહંકાર અને કોઈ ઈચ્છા સાથ કરાય જે,
યત્ન ખૂબ કરી કર્મ, કર્મ રાજસ માન તે.

સંજોગ નાશ ને હિંસા, બલને ન વિચારતાં,
મોહથી થાય જે કર્મ, કર્મ તામસ તે થતાં.

## ત્રણ જાતનાં કર્તા

નમ્ર, નિર્દોષ, આનંદી, ધૈર્ય ઉત્સાહથી ભર્યો,
લાભહાનિમહીં શાંત કર્તા સાત્વિક તે કહ્યો.

રાગી હિંસક ને મેલો, હર્ષ શોકથકી ભર્યો
ડૂબેલો વિષયોમાં તે કર્તા રાજસ છે કહ્યો.

પ્રમાદી, શોકવાળો ને કપટી જડતાભર્યો,
અજ્ઞાની, સ્થિર ના જે તે કર્તા તામસ છે કહ્યો.

## બુદ્ધિના ત્રણ ભેદ

બુદ્ધિ ને ધૈર્યના પાડ્યા પ્રકારો ત્રણ તેમ છે,
કહું તે તુજને પાર્થ, પ્રેમથી સુણજે હવે.

(છંદ – દોહરા, ઓ ઈશ્વર ભજીયે તને)

શું કરવું, શું છોડવું, એને જાણે જે,
બંધ મોક્ષ જાણે વળી બુદ્ધિ સાત્વિક તે. (૩૦)

શું કરવું, શું છોડવું, તેમ જ ધર્મ અધર્મ,
રાજસ બુદ્ધિ તેહનો જાણે પૂર્ણ ન મર્મ.

માને ધર્મ અધર્મને અજ્ઞાનથકી જે,
ઉલટું સમજે સર્વનું, બુદ્ધિ તામસ તે.

### ત્રણ પ્રકારનું ધૈર્ય

મન ને ઈન્દ્રિય પ્રાણ સૌ જેનાથી વશ થાય,
અડગ ધૈર્ય તે, તે ખરે, સાત્વિક ધૈર્ય ગણાય.

ઈચ્છા કોઈ રાખતાં, જેથી ધર્મ કરાય,
ઈચ્છા શમતાં જે શમે, રાજસ ધૈર્ય ગણાય.

સ્વપ્ન ભીતિ ને શોક ને મદને લાખ ઉપાય,
મૂઢ મુકે જેથી ન તે તામસ ધૈર્ય મનાય. (૩૫)

### ત્રણ જાતનું સુખ

ત્રણ પ્રકારનું સુખ કહ્યું તેને સાંભળ તું,
દુઃખ દુર કરવા તને પ્રેમે આજ કહું.

પહેલાં ઝેરસમું અને અંતે મીઠું જે,
પ્રસન્ન મનઅંતર કરે, સાત્વિક સુખ છે તે.

ઈન્દ્રિયોના સ્વાદથી પહેલાં મીઠું જે,
અંતે ઝેર સમાન છે, રાજસ સુખ છે તે.

પહેલાં ને અંતેય જે મનને મોહ કરે,
પ્રમાદ આળસ ઊંઘ તે તામસ સુખ સૌ છે.

પૃથ્વી તેમ જ સ્વર્ગમાં કોઈ એવું ના,
જે આ ગુણથી મુક્ત હો, કોઈ એવું ના. (૪૦)

બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્યનાં કર્મ શુદ્રનાં તેમ,
સ્વભાવ ગુણથી છે કર્યા સમજી લેજે એમ.

<u>બ્રાહ્મણનાં કર્મ</u>

સંયમ મન ઈન્દ્રિયનો, તપ તેમજ કરવું,
ક્ષમા રાખવી, પ્રભુમહીં શ્રદ્ધાથી તરવું.

નમ્ર પવિત્ર બની સદા શ્રેષ્ઠ પામવું જ્ઞાન,
બ્રાહ્મણનાં તે કર્મ છે મેળવવું વિજ્ઞાન.

<u>ક્ષત્રિયનાં કર્મ</u>

શૂરવીર ને ચપળ ને તેજસ્વી બનવું,
ધીરજ ધરવી, યુદ્ધથી પાછા ના ફરવું.

દાની બનવું, શ્રેષ્ઠતાભાવ સદા ધરવો,
એ ક્ષત્રિયનાં કર્મ છે, દયાભાવ ધરવો.

### વૈશ્ય ને શૂદ્રનાં કર્મ

વૈશ્ય કર્મ ખેતી અને ગૌસેવા વેપાર,
સેવાના કર્મો બધા કર્મ શુદ્રનાં ધાર.

પોતાનાં કર્મો કરી સિદ્ધિ મેળવવી,
પ્રભુઅર્થે કર્મો કરી સિદ્ધિ મેળવવી. (૪૫)

જેણે જગને છે રચ્યું, જેથી જગ ચાલે,
પૂજી તેમને કર્મથી સિદ્ધિમાં મ્હાલે.

ખરાબ પોતાનો ભલે ધર્મ હોય તોયે,
બીજાના શુભ ધર્મથી, તે ઉત્તમ હોયે.

સદોષ હોયે તોય ના સહજ કર્મ તજવું,
કર્મ બધાંયે દોષથી વ્યાપ્ત થયાં ગણવું.

આસક્તિ તૃષ્ણા તજી, સંયમ તેમ કરી,
સિદ્ધિ ઉત્તમ મેળવે ત્યાગથકી સઘળી.

સિદ્ધિ તેમજ બ્રહ્મને જે રીતે પામે,
કહું તે વળી જ્ઞાનની નિષ્ઠા જે પામે. (૫૦)

## પ્રભુની પ્રાપ્તિનો માર્ગ

શુદ્ધ બુદ્ધિને મેળવી, સંયમ સાધીને,
વિષય તજીને, રાગ ને દ્વેષ હણીને જે.

વસે વિજનમાં જીતતાં, કાયા મન વાણી,
મિતાહાર કરતાં થઈ વૈરાગી ધ્યાની.

સંગ્રહ બળ ને દર્પ ને કામ ક્રોધ અભિમાન,
તજી શાંત બનનારને પ્રભુની થાયે જાણ.

બ્રહ્મભૂત તે ના કદી હર્ષ શોક કરતો,
સમદૃષ્ટિ બનતાં સદા મુજ ભક્તિ લભતો.

રહસ્ય મારું ભક્તિના બળથી પૂર્ણ જણાય,
રહસ્ય જાણી છેવટે મુજથી એક બનાય. (૫૫)

## કર્મથી પણ તરી જવાય છે

મારે શરણે આવતાં કોઈ કર્મ કરે,
મુજ કૃપાથકી તેમને ઉત્તમ ધામ મળે.

મનથી કર્મો તું મને અર્પી સઘળા દે,
મારામાં મન રાખ ને જ્ઞાન મેળવી લે.

મારી કૃપાથકી બધાં સંકટ તું તરશે
ના સુણશે અભિમાનથી તો તો નષ્ટ થશે.

અહંકારથી ના કહે ભલે યુદ્ધ કરવા,
સ્વભાવ તારો પ્રેરશે પણ તુજને લડવા.

સહજ કર્મ વળગ્યું તને તેથી જે તજવું,
મોહ થકી લાગે તને, તે પડશે કરવું. (૬૦)

ઈશ્વર સૌના હૃદયમાં અર્જુન વાસ કરે,
તેના બળથી કર્મ સૌ આ સંસાર કરે.

પૂર્ણ પ્રેમથી શરણ તું તેનું જ લઈ લે,
દેશે ઉત્તમ સ્થાન ને પરમશાંતિ તો તે.

જ્ઞાન ગુહ્યમાં ગુહ્ય આ તને કહ્યું છે મેં,
વિચારી લઈ તે હવે કર કરવું હો તે.

ખૂબ ગુપ્ત આ જ્ઞાનને ફરી સાંભળી લે,
હિતની વાત કહું હવે, પ્રિય તું ખૂબ મને.

મનથી ભજ મુજને અને તનથી કર સેવા,
કર્મ મને અર્પણ કરી માણી લે મેવા.

જગમાં જોઈને મને વંદન કર હરરોજ,
મને પામશે સત્ય તું કરતાં મારી ખોજ. (૬૫)

મન વાણીથી ભક્ત થા, મારો કેવળ તું,
શાંતિ તેમ સુખ પામશે, સત્ય કહું છું હું.

ચિંતા સઘળી છોડ ને મારું શરણું લે,
પાપ બધાં ટાળીશ હું, શોક તું તજી દે.

ભક્ત ન મારો હોય જે, તપસ્વી ય ના હોય,
નીંદે મુજને, ના ચહે સાંભળવાને કોય.

તેને મેં આપેલ આ કહીશ ના તું જ્ઞાન,
કહીશ મારા ભક્તને તો કરશે કલ્યાણ.

ગુહ્ય જ્ઞાન આ ભક્તને જે કોઈ ક્હેશે,
ભક્તિ મારી તે કરી લભી મને લેશે.

તેનાથી મુજને નહીં પ્રિય કોઈય હશે,
પ્રિય તેનાથી કો' નથી આ સંસાર વિશે.

ધર્મતણો સંવાદ આ વાંચે પ્રેમે જે,
જ્ઞાનયજ્ઞથી પૂજશે, મુજને સાચે તે. (૭૦)

પવિત્રતા શ્રદ્ધાથકી જે આને સુણશે,
સુખી લોકમાં તે જશે, મુક્ત વળી બનશે.

ધ્યાન દઈ તેં સાંભળ્યું અર્જુન આ સઘળું ?
અંધારું અજ્ઞાનનું દુર થયું સઘળું ?

**અર્જુન કહે છે**

તમારી કૃપાથી મટ્યો મોહ ને મળ્યું જ્ઞાન,
આજ્ઞા આપો તે કરું, સંશય ટળ્યો મહાન.

**સંજય કહે છે**

કૃષ્ણ અને અર્જુનનો સંવાદ સુણ્યો મેં,
રોમાંચિત કરનાર ને અદભૂત એવો તે.

યોગેશ્વર કૃષ્ણે કહ્યો સંવાદ ખરે આ,
વ્યાસકૃપાથી સાંભળ્યો, સંવાદ ખરે આ. (૭૫)

યાદ કરી સંવાદ એ અદભૂત અચરજ થાય,
યાદ કરી સંવાદ એ આનંદ ઘણો થાય.

અર્જુન તેમજ કૃષ્ણ બે ભેગા જ્યાં થાયે,
ત્યાં ધન જય નક્કી રહે, વૈભવ ના માયે.

યોગેશ્વર જ્યાં કૃષ્ણ છે, પાર્થ ધનુર્ધર જ્યાં,
સિદ્ધિ, મુક્તિ, શાંતિ ને નીતિ રહે છે ત્યાં. (૭૮)

**॥ અધ્યાય અઢારમો સમાપ્ત ॥**

# ઉપસંહાર

સાબરમતી મહીં રહી મંગલ ગુર્જર દેશ,
પૂર્ણ કર્યો આ પ્રેમથી ગીતાનો ઉપદેશ.


અધિક માસ વૈશાખ ને વદ એકાદશ રોજ,
શનિવારે પૂરી કરી ગીતાજીની મોજ.

ઓગણીસો ત્રેપન સને બે હજાર નવમાં,
પૂર્ણ થઈ ગીતા ખરે જ્ઞાનનાવ ભવમાં.



॥ સમાપ્ત ॥

**શ્રી યોગેશ્વરજી – એક પરિચય**



(૧૫ ઓગષ્ટ ૧૯૨૧ – ૧૮ માર્ચ ૧૯૮૪)

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા .સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ .૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું .એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા .મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી .એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી વિરહાતુર બની 'મા' ના દર્શન માટે પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો .જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો .એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી .હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહીંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો .આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી

છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે .આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા .સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય . શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની .એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, ઉપનિષદ ,ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય .તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદ્ભુત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે .એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું .એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે .એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું .શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા .એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા .ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો .આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ .૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે .ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

**આત્મકથા** પ્રકાશના પંથે ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity

**અનુવાદ** રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં(In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A Hermit in the Himalayas)

**જીવનચરિત્ર** ભગવાન રમણ મહર્ષિ જીવન અને કાર્ય -▪ મા સર્વેશ્વરી એક પરિચય -

**ગદ્યકાવ્યો** અક્ષત ▪ અનંત સૂર ▪ દર્પણ ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સ્વાતિબિંદુ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite

**ગીતો** હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ ▪ પૂજા

**ભજનો** અભીપ્સા ▪ અર્પણ ▪ અંતરનો અનુરાગ ▪ આલાપ ▪ આરતી ▪ પ્રસાદ ▪ પ્રેમાલાપ ▪ સ્વર્ગીય સૂર ▪ સંતવાણી ▪ સાંઈ સંગીત ▪ તુલસીદલ

**પદ્યાનુવાદ** ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર) ▪ રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન

**મહાકાવ્યો** રામાયણ દર્શન ▪ કૃષ્ણ રુક્મિણી ▪ ગાંધી ગૌરવ ▪રસામૃત (રામકૃષ્ણ)

**લેખ** આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા ▪ શ્રીરામ કથામૃત

**ચિંતન** બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર)▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ)

**પ્રવચનો** **અમર જીવન** ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ

**પ્રસંગો** ધૂપસુગંધ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना**

**પ્રવાસ** તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન

**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીતપુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ

**વાર્તાઓ** રોશની

**નાટક** રામનું હૃદય

*

**For more information**
**on the Life and works**
**of**

## Shri Yogeshwarji



**Please visit**

# www.swargarohan.org

**A Gujarati supersite for spiritual aspirants**